*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसणमूलो धम्मो

# આત્મધર્મ

આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૫૭

## - કોને માટે ?

ઘણા જીવો પુત્રાદિની મમતા ખાતર, ધન કમાઈને પુત્રને આપી જવા માટે, આખી જીંદગી પાપ કરી કરીને ધન કમાવામાં જ વેડફી નાંખે છે, ને આત્માનું હિત ચૂકી જાય છે. તેને જ્ઞાની કહે છે કે હે ભાઈ ! -

પુત્ર કપૂત તો સંચય શાનો ?

પુત્ર સપૂત તો સંચય શાનો ?

જો તારો પુત્ર કુપુત્ર હોય તો તેને માટે ધનનો સંચય શા માટે કરવો ? કેમકે તે તો ખોટા માર્ગે વિષય - કષાયોમાં ધન વેડફી દેશે.

અને જો તારો પુત્ર સુપુત્ર છે - સંસ્કારી ને પુણ્યવાન છે તો તેને માટે પણ તારે ધનનો સંચય કરવાની જરૂર નથી, કેમકે એને તો એના પુણ્યબળથી જ સંપત્તિ મળી રહેશે ( પુત્રની જેમ બધાનું સમજી લેવું. )

આમ બન્ને પ્રકારે તારે ધનસંચયની જરૂર નથી; તો પછી પાપ કોને માટે ? મફતનો તું પાપનો સંચય ન કર; તે લક્ષ્મી વગેરેનો મોહ ઘટાડ; ને તેને માટે જીવનને પાપમાં વેડફી દેતાં તું આત્મહિતના ઉદ્યમમાં લાગી જા.

( વિશેષ માટે જુઓ આ અંકમાં પાનું ૪ )

તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૪૯૯, અષાઢ ( લવાજમઃ ચાર રૂપિયા ) વર્ષ ૩૦ઃ અંક ૯
શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર )

## સ્વ-ઘટમેં બિરાજે સિદ્ધસ્વરૂપી

जानत क्यों नहिं रे हे नर! आतम ज्ञानी।। टेक।।
रागद्वेष पुद्‌गलकी सम्पति, निहचै शुद्ध निशानी।।
जाय नरक सुर नर पशुगतिमें, यह परजाय विरानी।
सिद्धसरूप सदा अविनाशी, मानत विरले प्रानी।।
कियो न काहू हरै न कोई, गुरु सिख कौन-कहानी
जनम मरन मल रहित विमल है कीच बिना ज्यों पानी।।
सार पदारथ है तिहुँजगमें नहिं क्रोधी नहिं मानी।।
'दौलत' सो घटमांहि विराजे लखि हूजे शिवथानी।।

## તોહિ સમજાયો સો–સો બાર

तोहि समझायो सौ सौ बार, जिया तोहि समझायो०
देख सुगुरुकी परहितमें रति, हितउपदेश सुनायो।।सौ०।।
विषयभुजङ्ग सेय दुख पायो. पुनि तिनसों लिपटायो;
स्वपद विसार रच्यो परपदमें मद-रत ज्यों बौरायौ।।सौ०।।
तन धन स्वजन नहीं हैं तेरे, नाहक नेह लगायो;
क्यों न तजे भ्रम चाख समामृत, जो नित संत सुहायो।।सौ०।।
अबहूँ समझ कठिन यह नरभव, जिनवृष बिना गमायो;
ते विलखे मणि डाल उदधिमें, 'दौलत' सो पछितायो।।सौ०।।

છ માસનું
લવાજમ
બે રૂપિયા

વીર સં. ૨૪૯૯
અષાઢ
July 1973

* વર્ષ ૩૦ : અંક ૯ *

# હિમાલય જેવી વીતરાગી - ઠંડકથી ભરેલો આત્મા

# તેમાં પ્રવેશીને હું મુમુક્ષુમાર્ગે જાઉં છું

(નિયમસાર કળશઃ ૧૬૪ થી ૧૬૭)

*****

આત્મા પોતે શાંત –અમૃતરસમય બરફનો ઢગલો છે, તેના વેદનમાં તો પરમ શાંતિ છે, આવા બરફના ઢગલા જેવા પોતાના શાંતસ્વરૂપને ભૂલીને, બહારમાં અનેક સંકલ્પ – વિકલ્પરૂપ આર્ત – રૌદ્રપરિણામવડે જીવ સંસારમાં રખડે છે; આવો સંસાર તો સ્વભાવથી જ ઘોર દુઃખોથી ભરેલો છે, તેમાં ક્યાંય શાંતિ નથી. ચૈતન્યતત્ત્વની અંદર સ્વભાવથી જ સુખ છે, ને સંસારમાં સ્વભાવથી જ દુઃખ છે.

એકકોર આત્માથી બહારના સંસારના ક્લેશરૂપ દુઃખનો ઢગલો.

એકકોર ચૈતન્યની અનુભૂતિમાં શાંતિરૂપ બરફનો ઢગલો.

સંસારમાં જીવો દુઃખઅગ્નિમાં તપી રહ્યા છે; ધર્માત્માઓ અંદર ચિદાનંદ તત્ત્વમાં જઈને બરફના ઢગલા વચ્ચે બેઠા હોય તેમ પરમ ઠંડક – પરમશાંતિને અનુભવે છે.

એકકોર શાંતિનો ખજાનો છે. એકકોર દુઃખનો ઢગલો છે.

આમ જાણી, મુમુક્ષ જીવો ચૈતન્યતત્ત્વને આરાધીને પરમ સમતાવડે મોક્ષ પામ્યા.... હું પણ એ જ મુમુક્ષુમાર્ગે જાઉં છું. મુમુક્ષુઓ જે માર્ગે ગયા તે માર્ગે હું પણ ચાલું છું. અહો, મારો આત્મા અંદર વીતરાગી–ઠંડકથી ભરેલો હિમનો રાશી છે –શાંતિનો જ પિંડલો છે, તેમાં સંસારનો કોઈ તાપ નથી. અને આવા આત્મા સિવાય સંસાર આખો એકાંત દુઃખમય છે, તેમાં ક્યાંય શાંતિ નથી. માટે હે ભાઈ ! શુભ–

અશુભકર્મથી છૂટો પડીને તું ચૈતન્યની શાંતિના આ માર્ગે આવ. જેને મોક્ષ જોઈતો હોય એવા મુમુક્ષુઓને માટે તો આ એક જ માર્ગ છે. અહા, ચૈતન્યતત્ત્વને જ્યાં લક્ષમાં લીધું ત્યાં તો શાંતિનો મોટો પહાડ હોય – એવી શાંતિ ધર્માત્માને પ્રગટે છે. જગતમાં સુખીયા તે સંત– સમ્યગ્દ્રષ્ટિ જ છે.

જ્ઞાનશરીર આત્મા તો આનંદની મૂર્તિ છે.

શરીર એ તો ભવની મૂર્તિ છે, – તેના આશ્રયે તો ભવની ને દુઃખની ઉત્પત્તિ થશે. આનંદમય આત્માના આશ્રયે મોક્ષસુખની ઉત્પત્તિ થાય છે. ધર્મી કહે છે કે અરે, આ ભવની મૂર્તિ એવા શરીરથી છૂટા પડીને, આનંદમય આત્માના અવલંબને અમે મોક્ષના માર્ગે જઈ રહ્યા છીએ. આત્માનું દર્શન થતાં અંદરથી પડકાર આવે છે કે બસ! હવે અમે સંસારના પંથેથી પાછા વળ્યા છીએ ને મુમુક્ષુઓ જે પંથે ગયા તે મોક્ષના પંથે જઈએ છીએ. શાંતિનો પહાડ અમને પ્રાપ્ત થયો છે. જેમ હિમાલય પર્વત બરફથી છવાયેલો છે તેથી તેને હિમાલય (હિમરાશિ) કહેવાય છે; તેમ આ ચૈતન્યપહાડ આત્મા શાંતિની વીતરાગી ઠંડકથી છવાયેલો છે, શાંતિનો મોટો ઢગલો છે. આવી શાંતિમાં જે પરિણતિ ઘૂસી ગઈ તે પરિણતિ હવે વિભાવને પામતી નથી; તે સંસારદુઃખથી છૂટીને મોક્ષસુખને વેદે છે. આ જ મુમુક્ષુઓનો માર્ગ છે. મોક્ષનો પંથ કહો કે મુમુક્ષુઓનો માર્ગ કહો, તે આ એક જ છે કે અંદર જે પુણ્ય–પાપથી જુદો શાંતિનો હિમાલય આત્મા, તેનો આશ્રય કરવો. અમારો મુમુક્ષુઓનો માર્ગ તો આનંદમય છે, તે કાંઈ રાગમય નથી, તેમાં અશાંતિ નથી; અસંખ્યપ્રદેશમાંથી પરમ શાંતિના ફૂવારા ઝરે એવો આ માર્ગ છે. – મુમુક્ષુ નિઃશંકતાથી કહે છે કે આવો માર્ગ અમારા આત્મામાં પ્રગટયો છે, ને આવા માર્ગે અમે મોક્ષમાં જઈ રહ્યા છીએ.

શુભરાગરૂપ સુકૃત કે અશુભરાગરૂપ દુષ્કૃત, તે કાંઈ મુમુક્ષુનો માર્ગ નથી, મુમુક્ષુનો માર્ગ તો શુભ–અશુભ બંનેથી પાર શુદ્ધાત્મતત્ત્વની ભાવનારૂપ છે. વચ્ચે રાગ હોય તેને તો તે બંધનું કારણ સમજે છે. અરે, રાગના સેવનમાં તે કાંઈ શાંતિ હોય? એમાં તે કાંઈ મોક્ષમાર્ગ હોય?

મોક્ષની મૂર્તિ આત્મા; ને ભવની મૂર્તિ શરીર; અરે જીવ! આ ભવની મૂર્તિથી જુદો પડીને આત્માને લક્ષમાં લે. ભવની મૂર્તિ એવા શરીરને પોષવા માટે જીંદગી વીતાવે છે પણ એ તો અસ્થિર છે, પુદ્ગલસ્કંધનો ઢગલો છે; ને આત્મા તો અસંયોગી

શાંતિનો ઢગલો છે, જ્ઞાનસ્વરૂપે સદા સ્થિર રહેનારો છે; તે શાંતિની મૂર્તિ આત્માનો તું આશ્રય કર. તેના આશ્રયે તું ભવથી છૂટી જઈશ.

ધર્મી કહે છે કે આ શરીરને અને મારે કાંઇ જ સંબંધ નથી. શરીરથી મને ઓળખનારાઓ મને ઓળખતા જ નથી. હું તો શરીરથી અત્યંત જુદો, જ્ઞાનમૂર્તિ છું; એવા જ્ઞાનમૂર્તિ શાંતિના સમુદ્રમાં ઘૂસીને હું તો મોક્ષના માર્ગે જાઉં છું. શરીરમાં હું નથી. હું તો શરીરથી બીજે છું, – ક્યાં ? કે અનંત શાંતિના હિમાલયમાં પ્રવેશીને શુદ્ધ ચૈતન્યની ભાવનામાં જ હું બેઠો છું; તે જ હું છું. આવી શુદ્ધ ચૈતન્યની ભાવના મારા ભવરોગના નાશનું અમોઘ ઔષધ છે. બસ, અમારા ચિત્તમાં તો આ ચૈતન્યપ્રભુ જ વસ્યા છે. શુભ–અશુભ ( સુકૃત કે દુષ્કૃત ) એવી કર્મજાળથી છૂટો પડીને, ચૈતન્ય પ્રભુના ખોળે બેઠો છું, તેનો આશ્રય લીધો છે, હવે અમને કોઈ ચિંતા નથી; કેમકે ચૈતન્યના આશ્રયે ભવરોગનો નાશ અને મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે. માટે ભવનો નાશ કરનારી એવી ચૈતન્યભાવનામાં જ હું એકાગ્ર છું... વીતરાગી ઠંડકના હિમાલયમાં જઈને બેઠો છું, શાંતિના હિમાલયમાં પ્રવેશીને હું મુમુક્ષુમાર્ગે જાઉં છું.

અહો, વચનાતીત ચૈતન્યવસ્તુ ! ગુરુઉપદેશના પ્રસાદે આવી ચૈતન્યવસ્તુનું સુખ સ્વાદમાં આવ્યું ત્યાં હવે સમ્યગ્દ્રષ્ટિને ત્રણકાળ ત્રણલોકમાં બીજી કોઇ વસ્તુ આનાથી સુંદર લાગતી નથી. ચૈતન્યની શાંતિ સ્વયંભૂરમણસમુદ્ર કરતાં પણ વધુ ગંભીર છે. આવા ચૈતન્યની વિસ્મયતા – મહિમા છોડીને બીજે ક્યાંય કોઇ વસ્તુમાં જેને વિસ્મયતા ને રસ છે તેને ચૈતન્યરસનો સ્વાદ આવતો નથી. એવા જીવોને પરમસુખનો સમુદ્ર સદાય દુર્લભ છે; અને ધર્માત્માજીવોના હૃદયમાં આ પરમસુખરૂપ ચૈતન્યતત્ત્વ સદાય વસે છે, એક ક્ષણ પણ ખસતું નથી. આવા તત્ત્વના સુખનો અનુભવ થયો, ત્યાં તો આત્મા જાગી ઊઠયો, ત્યાં હવે મોહનિદ્રા કેવી ? આવું તત્ત્વ અમારા અંતરમાં, અમારી પરિણતિમાં જયવંત વર્તે છે. અમારું તત્ત્વ અમારા અનુભવમાં પ્રસિદ્ધ થઈને વિદ્યમાન વર્તે છે.

અહો, સંતોએ ચૈતન્યતત્ત્વને અનુભવમાં લઈને પ્રસિદ્ધ કર્યું છે. અરે, આનંદનો સાગર અંદર પોતામાં દેખ્યો તેને હવે પોતાથી બહાર બીજે ક્યાંય ઠીક લાગતું નથી. અંતરમાં પરમમહિમાવંત પોતાના ચૈતન્યતત્ત્વનું આલોચન–અવલોકન–અનુભવ કરતો કરતો, ને ક્રોધાદિ સર્વે પરભાવોને મૂળમાંથી ઉખેડતો–ઉખેડતો તે જીવ મુમુક્ષુઓના માર્ગે મુક્તિપુરીમાં જાય છે.

# એક હતો પોપટ

## જ્ઞાનીનું જ્ઞાન પરિણમનરૂપ છે, ગોખવારૂપ નથી.

( વીતરાગવિજ્ઞાન પ્રવચન ભાગ ૪ માંથી )

ભેદજ્ઞાન કરીને જ્યાં સમ્યગ્જ્ઞાન થયું ત્યાં જ્ઞાનીને અતીન્દ્રિય શાંતિનું વેદન થાય છે. આવી શાંતિના વેદન વગર આત્માને કદી કષાયો શાંત પડે જ નહીં. ભલે ત્યાગી થાય, વ્રત પાળે કે શાસ્ત્રોનું રટણ કરે, – એ તો બધું પોપટિયું જ્ઞાન ( વાચા જ્ઞાન ) છે. પોપટિયું જ્ઞાન એટલે શું ? તેનું દૃષ્ટાંત –

એક હતો પોપટ.

તેના માલિકે તેને બોલતાં શિખડાવ્યું કે ‘બિલ્લી આવે તો ઊડી જવું.... બિલ્લી આવે તો ઊડી જવું.... ’

એકવાર ખરેખર બિલાડી આવી, ને પોપટને મોઢામાં પકડયો; ત્યારે બિલાડીના મોઢામાં પડયો– પડયો પણ તે પોપટ ગોખે છે કે ‘બિલ્લી આવે તો ઊડી જવું.... બિલ્લી આવે તો... ’ – એ ગોખવું શું કામનું ? એ ગોખણપટ્ટીથી કાંઈ પોતાની રક્ષા થતી નથી.

તેમ અંદર ચૈતન્યતત્ત્વ શું છે તેના ભાન વગર ‘શાસ્ત્રમાં આમ કહ્યું છે, રાગને દુઃખદાયક કહ્યો છે. આત્માને જ્ઞાનસ્વરૂપ કહ્યો છે’ એમ પોપટની જેમ રટયા કરે, કે અંદર તેવા વિકલ્પો કર્યા કરે, પણ ખરેખર વિકલ્પથી પાર થઈને અંતરના ચૈતન્યતત્ત્વમાં પરિણામ જોડે નહિ તો શાંતિ ક્યાંથી થાય ? બિલાડીના મોઢાની જેમ તે વિકલ્પમાં જ ઊભો રહીને ગોખે છે કે ‘વિકલ્પથી જુદા પડવું.... જ્ઞાનરૂપ થવું..... વિકલ્પથી જુદા પડવું....” –પણ ખરેખર જુદો તો પડતો નથી ને જ્ઞાનરૂપ થતો નથી, તો એકલા શાસ્ત્ર ગોખ્યે કાંઈ સમ્યગ્જ્ઞાન થાય નહીં; અંદર તેવા ભાવરૂપ પરિણમન થવું જોઈએ.

જેની ચેતના રાગથી જુદી પડી ગઈ છે ને સમ્યગ્જ્ઞાનરૂપ પરિણમન થયું છે તેણે ‘રાગથી જુદો છું.... ’ એમ ગોખવું ન પડે; જ્ઞાનને ટકાવવા વિકલ્પન ન કરવા પડે. જેમ કોઈ પોપટને ‘બિલાડી આવે તો ઊડી જવું’ એમ બોલતાં ભલે ન આવડે, – પણ

બિલાડીનો પ્રસંગ આવે ત્યાં પોતે દૂર ભાગી જાય તો તેની રક્ષા જ થાય છે; તેમ શાસ્ત્રભણતર ભલે ઝાઝું ન હોય, પણ રાગ અને જ્ઞાનની ભિન્નતા જાણીને જેની પરિણતિ ચૈતન્યભાવરૂપે પરિણમી ગઈ છે તેનું જ્ઞાન તો દરેક પ્રસંગે વિકલ્પથી જુદાપણે ચૈતન્યભાવે જ વર્તે છે, એટલે જન્મ–મરણથી તેની રક્ષા થાય છે.

અરે, તારું સત્યસ્વરૂપ તો ઓળખ. ભાઈ! આવો અવસર પામીને જો તારા સત્યસ્વરૂપને તેં ન ઓળખ્યું તો તેં શું કર્યું? આત્માના જ્ઞાન વગર પશુના જીવનમાં ને તારા જીવનમાં શો ફેર? અને તિર્યંચગતિમાં પણ જે જીવ ભેદજ્ઞાન કરે છે તે જીવ પ્રશંસનીય છે, તે દેવ જેવો છે. અરે, જેણે પોતાના ચૈતન્યરસની મીઠાશ ચાખી તેને રાગમાં કે પરમાં પોતાપણું માનવાનું ક્યાં રહ્યું? ને તેમાં ક્યાંય મીઠાશ ક્યાં રહી? ચૈતન્ય સિવાય બીજે ક્યાંય અતીન્દ્રિય આનંદની મીઠાશ છે જ નહિ. માટે ભેદજ્ઞાનવડે જ્ઞાની પોતાના ચૈતન્યના પરમ ઉપશમરસનો સ્વાદ ચાખીને આખા જગતથી ને રાગથી પણ ઉદાસીન વિરક્ત વર્તે છે. અહો, જેણે આવું ભેદજ્ઞાન કર્યું તેનો બેડો ભવથી પાર છે.

ભાઈ, સંસારમાં પુણ્ય – પાપનાં ફળ એ તો ચલતી – ફિરતી છાયા જેવા છે. આજે મોટો ઝવેરી હોય ને કાલે ભીખારી થઇને પૈસા માંગતો હોય; આજે ભીખારી હોય ને કાલે મોટો રાજા થઈ જાય, – એ ક્યાં જ્ઞાનનું કામ છે? ને એમાં ક્યાં કાંઇ નવું છે? એ તો જડ–પુદ્ગલની રમત છે. આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે, તેમાં નથી તો પુણ્ય કે નથી પાપ; પુણ્ય–પાપના કારણરૂપ રાગ પણ તેના જ્ઞાનસ્વભાવમાં નથી. આવા પોતાના સ્વરૂપને કરોડો ઉપાયે પણ ઓળખવું, અને જગતના ઝંઝટ છોડીને અંતરમાં તેને ધ્યાવવું – તે જ લાખો વાતોનો સાર છે. એના વગર બીજી લાખો વાતો ભલે કરે પણ એ ‘વાતે વડા થાય તેમ નથી. ’ જ્ઞાનસ્વરૂપ આત્માનો નિર્ણય કરીને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન પ્રગટ કરતાં જન્મ–મરણના ફંદા છૂટી જાય છે, માટે તે જ સાર છે. આવા સમ્યગ્દર્શન–જ્ઞાન વગરની બીજી લાખો વાતો તે બધી અસાર છે, તેમાં કાંઈ સાર નથી. માટે સ્વસન્મુખ થઈને આત્માને ધ્યાવ.

જુઓ, આ જ મુમુક્ષુએ કરવા જેવું કર્તવ્ય છે. – ક્યારે? કે સદાય. ‘**नित आतम ध्यावो**’ આત્માને સદાય પુણ્ય–પાપથી ભિન્ન જ્ઞાનસ્વરૂપે જ ભાવવો. પુણ્યના ફળથી હું સુખી ને પાપના ફળથી હું દુઃખી – એમ એક ક્ષણ પણ ન ભાવવું; પણ બંનેથી ભિન્ન એવા પોતાના ચૈતન્યસ્વરૂપ આત્માને સદાય ભાવવો, તેની શ્રદ્ધા–જ્ઞાન કરીને

પોતાના અંતરમાં તેનું જ ધ્યાન ધરવું. –આ ભગવાન જિનેન્દ્રદેવની આજ્ઞા છે, ને સંતોએ આવું કાર્ય કર્યું છે. સંતોના સર્વ ઉપદેશનો સાર આમાં સમાય છે.

તારા હિતને માટે હે મુમુક્ષુ! આત્માને જ્ઞાનસ્વરૂપ જાણીને તેને ભાવજે. પુણ્યમાં સુખ, કે જડની સામગ્રીમાં સુખ, કે તે જડની ક્રિયા મારી, – એમ એક ક્ષણમાત્ર પણ ચિંતવીશ મા. પુણ્ય–પાપ તે તો જગતના ફંદ છે, આત્મા તો આનંદકંદ છે. આનંદ કંદમાં રાગદ્વેષના ફંદ નથી. રાગ– દ્વેષથી જુદું તારું જ્ઞાન જ તને સુખ દેનાર છે. ભેદજ્ઞાન સમાન કોઈ સુખ નથી, ભેદજ્ઞાન સિવાય કોઈ મોક્ષનું કારણ નથી. માટે હે મોક્ષાર્થી જીવો! સર્વ પ્રયત્નથી આવા આત્માનું જ્ઞાન કરીને તેને જ ધ્યાવો. જગતના દંદ–ફંદ છોડીને, અંતરમાં લાખ ઉપાયે પણ પોતાના આત્માને લક્ષમાં લ્યો, તેને જ ધ્યાવો; તે જ બધી વાતનો સાર છે, લાખો શાસ્ત્રોનો સાર તેમાં સમાય છે.

* * * * *

સંસારમાં પુણ્યનાં ફળ હો કે પાપનાં ફળ હો, –તે બધા ‘સકળ જગત’ માં આવી ગયા; આત્માનું જ્ઞાન તે બધાથી જુદું છે. એટલે શ્રીમદ રાજચંદ્રજી કહે છે કે –

સકળ જગત તે એઠવત અથવા સ્વપ્ન સમાન,
તે કહિયે જ્ઞાનીદશા બાકી વાચા જ્ઞાન.

સકળ જગતથી જુદા શુદ્ધ – બુદ્ધ – ચૈતન્યઘન–સુખધામ એવા પોતાનો જ્યાં અનુભવ છે ત્યાં જ જ્ઞાનીદશા છે; એવા અનુભવ વગરનું તો બધું વાચા જ્ઞાન એટલે કે પોપટિયું જ્ઞાન છે. તે માત્ર ગોખણિયું જ્ઞાન છે, સાચું જ્ઞાન નથી.



સંસારને અસાર જાણી, સારભૂત ચૈતન્યને સાધવા પ્રભુ ગીરનારધામ પધાર્યા.

# શ્રાવકની ભાવના

## ( ધર્માત્માની સાચી સંપદા )

મૂઢ લોકો બાહ્યલક્ષ્મીને જ સર્વસ્વ માને છે, તે લક્ષ્મી ખાતર અડધું જીવન વેડફે છે ને અનેકવિધ પાપ બાંધે છે, છતાં તેમાં સુખ તો કદી મળતું નથી. બાપુ! જ્ઞાનાદિ અનંત ચૈતન્યરૂપ તારી સાચી લક્ષ્મી તારા આત્મામાં ભરી જ છે, તેને દેખ! તારી ચૈતન્યસંપદામાં બહારની અનુકૂળતા કે પ્રતિકૂળતા કેવી? આવી ચૈતન્યસંપદાના ભાન વગર સાચી શાંતિ કે શ્રાવકકપણું હોય નહીં. સમ્યગ્દ્રષ્ટિની દશા પુણ્ય પાપથી જુદી હોય છે. સમ્યગ્દર્શનના પ્રતાપે ત્રણલોકમાં શ્રેષ્ઠ સંપદારૂપ સિદ્ધપદ મળે છે, પછી બીજી કોઇ સંપદાનું શું પ્રયોજન છે? બાહ્યસંપદા એ ખરેખર સંપદા જ નથી.

*****

રત્નકરંડ – શ્રાવકાચાર ગા. ૨૭ માં શ્રી સમંતભદ્રાચાર્ય કહે છે કે –

**यदि पापनिरोधोन्यसम्पदा किं प्रयोजनम्।**

**अथ पापास्त्रवोस्त्यन्यसम्पदा किं प्रयोजनम्।।२७।।**

ધર્મી – શ્રાવક વિચારે છે કે, જો મિથ્યાત્વાદિ પાપનો નિરોધ થઈ ગયો છે તો પછી બીજી સંપત્તિનું મારે શું કામ છે? અને જો પાપનો આસ્રવ થતો હોય તો એવી બીજી સંપદાનું મારે શું કામ છે? જે જીવ પાપનિરોધી છે તે સમ્યક્ત્વાદિ અંતરંગ વિભૂતિવડે સ્વયં મહાન છે, તેને બાહ્યસંપદાની જરૂર નથી; અને જે જીવ પાપાસ્રવી છે તે અંતરંગમાં દરિદ્રી છે, ભલે પછી બહારમાં તે વૈભવવાળો હોય, – તેનું કાંઈ જ મૂલ્ય નથી.

સમ્યગ્દ્રષ્ટિ–શ્રાવક નિષ્કાંક્ષભાવથી એમ વિચારે છે કે જો મારી શ્રદ્ધા–જ્ઞાન –શાંતિરૂપી આત્મસંપદા મારી પાસે છે તો મારે બહારની સંપદાનું શું કામ છે? અને જ્યાં એવી આત્મસંપદા ન હોય ત્યાં બાહ્યસંપદાના ઢગલા હોય તોપણ તેથી શું? જો મારે સમ્યક્ત્વાદિ વડે આસ્રવનો નિરોધ છે તો તેના ફળમાં કેવળજ્ઞાનાદિ અનંત ચૈતન્ય–

સંપદા મને સહેજે મળશે, પછી બાહ્યસંપદાનું શું કામ છે? અને બાહ્યસંપદા ખાતર જો પાપકર્મનો આસ્રવ થતો હોય તો એવી બાહ્યસંપદાને મારે શું કરવી છે? હું ભગવાન આત્મા પોતે બેહદ ચૈતન્યસંપદાનો ભંડાર છું – એમ આત્માનાં સમ્યક્શ્રદ્ધાજ્ઞાનાદિ કર્યાં તે શ્રાવકનાં રત્નો છે. આવા અચિંત્ય રત્નનો પટારો મારી પાસે છે તો પછી મારે બહારની જડ–લક્ષ્મીનું શું કામ છે? સમ્યક્ત્વાદિના પ્રતાપે મારા અંતરમાં સુખ–શાંતિરૂપ સમૃદ્ધિ વર્તે જ છે પછી મારે બીજા કોઈનું શું કામ છે? અને જેને અંતરમાં શાંતિ નથી, સમ્યગ્દર્શન – જ્ઞાનાદિ રત્નોની સંપદા જેના અંતરમાં નથી, તો બહારની સંપદાના ઢગલા તેને શું કરશે? સાચી સંપદા તો તે છે કે જેનાથી આત્માને શાંતિ મળે; (જે સંપ–સુખ દૈ તે સાચી સંપદા.) એટલે આત્માના સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાન–વીતરાગતા તે જ સાચી સંપદા છે. આવી સંપદાવાળા સુખિયા ધર્માત્મા બહારની અનુકૂળતા – પ્રતિકૂળતા બંનેને પોતાથી જુદી જાણે છે, એટલે તેને તેમાં હર્ષ – શોક થતો નથી, જ્ઞાન જુદું ને જુદું રહે છે.

અરે જીવ! પાપના ફળમાં તું દુઃખી ન થા, હતાશ ન થઈ જા. તે વખતે પ્રતિકૂળ સંયોગથી જ્ઞાન જુદું છે તેને ઓળખ. પાપનો ઉદય આવતાં ચારેકોરેથી પ્રતિકૂળતા આવી પડે – સ્ત્રીપુત્ર મરી જાય, ભયંકર રોગ– પીડા થાય, ધન ચાલ્યું જાય, ઘર બળી જાય, નાગ કરડે, મહા અપજશ – નિંદા થાય, અરે! નરકનો સંયોગ આવી પડે (શ્રેણીક વગેરે અસંખ્ય સમ્યગ્દ્રષ્ટિજીવો નરકમાં છે) – એમ એકસાથે હજારો પ્રતિકૂળતા આવે તોપણ સમ્યગ્દ્રષ્ટિ પોતાના જ્ઞાનસ્વરૂપની શ્રદ્ધાને છોડતો નથી. ભાઈ, એ સંયોગમાં ક્યાં આત્મા છે? આત્મા તો જુદો છે. ને આત્માનો આનંદ આત્મામાં છે, – પછી સામગ્રીમાં હર્ષ –શોક શો? તારી સહનશક્તિ ઓછી હોય તોપણ આવા શ્રદ્ધા–જ્ઞાન તો જરૂર રાખજે, તેનાથી પણ તને ચૈતન્યની અપૂર્વ શાંતિનું વેદન રહેશે.

વળી, જેમ પ્રતિકૂળતાથી જુદાપણું કહ્યું તેમ પુણ્યના ફળમાં ચારેકોરની અનુકૂળતા હોય – સ્ત્રીપુત્રાદિ સારા હોય, નીરોગ શરીર હોય, ધનના ઢગલા હોય, બંગલા – મોટર હોય, ચારેકોર યશ ગવાતા હોય, અરે! દેવલોકમાં ઉત્કૃષ્ટ સર્વાર્થસિદ્ધિની ઋદ્ધિ હોય, –તોપણ તેથી શું? તે સંયોગમાં ક્યાં આત્મા છે? આત્મા તો જુદો છે; આત્માનો આનંદ આત્મામાં છે – એમ ધર્મી જાણે છે ને તેના જ્ઞાનમાં તેનું જ વેદન વર્તે છે. પુણ્યફળને કારણે તે પોતાને સુખી માનતા નથી. જેમ કોઈ અરિહંતોને તીર્થંકરપ્રકૃતિના ઉદયથી સમવસરણાદિનો અદ્ભુત સંયોગ હોય છે, પણ તેને કારણે કાંઈ તે અરિહંતભગવાન સુખી નથી, તેમનું સુખ તો આત્માના કેવળજ્ઞાનાદિ પરિણમનથી જ છે, એટલે તે 'સ્વયંભૂ' છે, તેમાં કોઈ બીજાની અપેક્ષા નથી; તેમ નીચલી દશામાં પણ સર્વત્ર સમજવું. સમ્યગ્દ્રષ્ટિ પોતાના શુદ્ધ ચૈતન્યપરિણમનથી જ સુખી છે, પુણ્યથી કે બાહ્યસંયોગથી નહીં.

# જ્ઞાનીનું આત્મચિંતન

( નિયસાર ગાથા ૯૬-૯૭ )

અહો, પરભાવો વગરનો, ચૈતન્યના પરમભાવથી ભરેલો તારો આત્મા કેવો અચિંત્ય -અદ્‌ભુત સુખનિધાન છે! -તે સાંભળી, તેનો મહિમા લાવી, તેને ચિંતનમાં તો લે. સ્વસન્મુખ ચૈતન્યના ચિંતનની ઘડી તે ખરેખર જીવનની અપૂર્વ ઘડી છે... તે ધન્ય અવસર છે.

હે ભાઈ! આ અવસરમાં પ્રમાદ કરવા જેવું નથી. જેના અનુભવની વીણાનો ઝંકાર થતાં પર્યાયમાં અતીન્દ્રિય આનંદના વેદનથી આત્મા ડોલી ઊઠે છે – એવો હું પોતે જ છું, એમ અંતર્મુખ થઈને તારા આત્માને ચિંતવ. – આવું સ્વાત્મચિંતન તે મોક્ષનું કારણ છે.

કેવળજ્ઞાન-દર્શન-સુખ-શક્તિસ્વભાવરૂપ આત્મા છે, તે બધાને જાણવા-દેખવા છતાં પોતાના અનંત જ્ઞાનાદિ નિજભાવને છોડતો નથી ને કોઈ પણ પર ભાવને ગ્રહતો નથી. આવો આનંદમય ચૈતન્યશક્તિસંપન્ન પરમાત્મા હું છું -એમ અંતર્મુખ ધ્યાનવડે જ્ઞાની ચિંતવે છે.

આવા આત્માને જેણે જાણ્યો તેણે જાણવાયોગ્ય જાણી લીધું, દેખવાયોગ્ય દેખી લીધું, સાંભળવાયોગ્ય સાંભળી લીધું, ને તેણે ગ્રહવાયોગ્ય એવા સ્વતત્ત્વને ગ્રહી લીધું અને જેણે આવા નિજ આત્માને ન જાણ્યો તેણે કાંઈ જાણ્યું નથી; તે ભલે બીજું ગમે તેટલું ભણે-જાણે-સાંભળે પણ તે બધું થોથા છે, જાણવા યોગ્ય સાચું તત્ત્વ તેણે જાણ્યું નથી, સાચું તત્ત્વ તેણે સાંભળ્યું નથી.

ધર્માત્મા કહે છે કે અહો, શાશ્વત આનંદમય આ ચૈતન્યહંસ મુનિઓના

હૃદયસરોવરમાં કેલિ કરનારો છે, તે જયવંત વર્તે છે, એટલે કે અમારી પરિણતિમાં તે વિદ્યમાન વર્તે છે. આવા પરમસ્વભાવી આત્માને શ્રદ્ધા-જ્ઞાનમાં લઈને તેનું ચિંતન કર્યું ત્યાં સમસ્ત પરભાવો તે ચિંતનમાંથી છૂટી ગયા, એટલે ત્યાં સહેજે પરભાવોનું પ્રત્યાખ્યાન થઈ ગયું. આવો સહજસ્વભાવી આત્મા જેણે જાણ્યો નથી તેને તેનું ચિંતન પણ હોતું નથી એટલે પરભાવનો ત્યાગ પણ તેને હોતો નથી. જેના શ્રદ્ધાજ્ઞાન તો રાગાદિ પરભાવોના ગ્રહણમાં જ રોકાઈ ગયેલા છે તેને પરભાવનું પ્રત્યાખ્યાન કેવું ?

અહા, એકવાર તારા પરમસ્વભાવને શ્રદ્ધા-જ્ઞાનમાં લઈને તેનું ચિંતન કર. અંદર પરમહંસ ચૈતન્યપ્રભુ આનંદસહિત બિરાજે છે. અરે, આવા આનંદમય આત્માની અનુભૂતિ જો ન કર તો પછી જીવનમાં કરવાનું શું છે? અરે, મુંબઈમાં દેવનારના કત્તલખાનામાં લાખોના હિસાબે પશુઓ કપાશે – એમ સાંભળતા કેવી કંપારી છૂટે છે? પણ બાપુ! અનંતવાર આત્મભાન વગર તું સંસારમાં કપાયો અને અજ્ઞાનથી સંસારમાં રખડતાં તેં પોતે કસાઈપણે એવા કારખાના અનંતવાર માંડયા. હવે આવા અવસરમાં પ્રમાદ કરવા જેવું નથી. જેના અનુભવની વીણાનો ઝંકાર થતાં પર્યાયમાં અતીન્દ્રિય આનંદના વેદનથી આત્મા ડોલી ઊઠે છે – એવો હું પોતે જ છું – એમ જ્ઞાની અંતર્મુખ થઈને આત્માને ચિંતવે છે.

જ્ઞાની આવા આત્માને ચિંતવેછે – એમ બતાવીને બીજા મુમુક્ષુઓને પણ આવા આત્માનું ચિંતન કરવાનું કહ્યું છે. હજી જ્ઞાનમાં આવા આત્માનો સાચો નિર્ણય પણ જે ન કરે તેને તેનું ધ્યાન કે ચિંતન ક્યાંથી હોય? ધર્મી તો કહે છે કે અમારી અનુભૂતિમાં કેવળજ્ઞાનની મૂર્તિ પરમસ્વભાવી આત્મા જયંવત વર્તે છે, તે પોતે વિદ્યમાન વર્તે છે; અમારી શ્રદ્ધામાં, અમારા જ્ઞાનમાં, અમારા વેદનમાં તે આવ્યો છે તેથી તે જયવંત છે, તેને જ અમે સ્વતત્ત્વપણે ચિંતવીએ છીએ, તેમાં કોઈ પરભાવનો કદી પ્રવેશ નથી. અરે, એક ક્ષણ પણ આવું આત્માનું ચિંતન તો કર! આવા ચિંતનની ક્ષણ તે અપૂર્વ ક્ષણ છે. –

**નિજભાવને છોડે નહિ. પરભાવ કંઈ પણ નવ ગ્રહે;**
**જાણે - જુએ જે સર્વ, તે હું -એમ જ્ઞાની ચિંતવે. ૯૭.**

અહા, જુઓ, તો ખરા, આત્માનો પરમસ્વભાવ! પોતાના સહજ કેવળજ્ઞાનાદિ અનંત સ્વભાવો સહિત તે સદાય બિરાજમાન છે, પોતાના પરમભાવથી તે કદી છૂટયો નથી, – આવો હું છું એમ જ્ઞાની ચિંતવે છે.

પરમ સ્વભાવની ભાવના તે પરમ ભાવના છે. રાગાદિની ભાવના તે તો વિભાવની ભાવના છે. રાગના– વિકલ્પના કોઇ અંશમાં ક્યાંય ઊંડે ઊંડે પણ મીઠાશ રહે, કે તેના સાધનથી આત્માનો અનુભવ સહેલો પડશે. –એમ માને, તો તેને રાગથી પાર પરમસ્વભાવની ભાવના હોઈ શકે નહિ. જ્ઞાનીને તો સદાય પોતાના અંતરમાં આવા પરમ સ્વભાવની જ સન્મુખતા છે. –આવા સ્વભાવની ભાવના તે જૈન–પરમેશ્વરનો માર્ગ છે.

જેને સમ્યક્ત્વ થયું, જેને ચૈતન્યઆંખ ઊઘડી તે પોતાના અંતરમાં કેવળજ્ઞાનસ્વભાવી કારણપરમાત્માને જયવંત દેખે છે, તેનો તેને કદી વિરહ નથી. બાપુ, આવો તારો પરમસ્વભાવ, તેને તું જરાય મોળો કરીશ નહિ, તેના પરમ અચિંત્ય મહિમાને તું જરાય ઢીલો કરીશ નહીં. પરમ મહિમાથી તેને ગ્રહણ કરતાં (એટલે કે શ્રદ્ધામાં –જ્ઞાનમાં – ચિંતનમાં લેતાં) રાગાદિ સમસ્ત પરભાવો છૂટી જશે. –એ જ મોક્ષના કારણરૂપ સાચું પ્રત્યાખ્યાન છે.

અહો, પરમસ્વભાવી ચૈતન્યનું સ્વસંવેદન! તેમાં ભવનાં કોઈ ભાવનો પ્રવેશ નથી ભવ અને ભવના ભાવો તેનાથી તદ્દન બહાર છે. આવા ચૈતન્યનું ચિંતન કરતાં જ મોહશત્રુની ધજા ઊડી જાય છે. પર્યાય તો અંદર પરમાત્મસ્વભાવની ભાવનારૂપે પરિણમી ગઈ, ત્યાં હવે મોહ રહે શેમાં? અંતર્મુખ થયેલી ધર્મીની પર્યાયમાં મોહ તો ક્ષયવંત છે, ને પરમાત્મતત્ત્વ જયવંત છે. એ પર્યાય તો રાગથી પાર થઈને સિદ્ધનાં દરબારમાં પહોંચી ગઈ, તેમાં હવે પરભાવ કેવો? અહો, આવી ભાવનામાં અપૂર્વ આનંદ છે, તે ભાવના સદા ભાવવા જેવી છે.

અહો, મારો આત્મા મારા અનંત જ્ઞાન–આનંદમય પરમ ભાવને કદી છોડતો નથી, સદાય પરમસ્વભાવરૂપ જ હું છું, અને સંસારના કારણરૂપ રાગાદિ પરભાવો તેને મારો આત્મા કદી ગ્રહતો નથી, તે પરભાવરૂપે હું કદી થઈ જતો નથી. વળી આ કેવળજ્ઞાનાદિ ભાવો તે મારો સ્વભાવ, ને હું તેનો આધાર–એવા આધાર –આધેયનો વિકલ્પ પણ મારામાં નથી, આધાર– આધેયના વિકલ્પ વગર પોતાના કારણપરમાત્માને સહજ અંતર્મુખ અવલોકન વડે હું સદાય જાણું છું. પર્યાય પોતે અંતર્મુખ થઇ ગઇ છે તેમાં કોઇ પરભાવ રહી શકે નહિ. સદાય તે પર્યાય પરમસ્વભાવ પ્રત્યે ઢળેલી રહે છે એટલે તેમાં તન્મય થઈને તેને જ ગ્રહે છે ને પરભાવથી છૂટી ને છૂટી રહીને તેને છોડે છે. આ રીતે ધર્મીને સદાય પ્રત્યાખ્યાન વર્તે છે. તેની એક્કેય પર્યાય એવી

નથી કે જે પોતાના પરમસ્વભાવને છોડતી હોય. –પર્યાયે–પર્યાયે પોતાના પરમસ્વભાવનું ગ્રહણ તેને શ્રદ્ધા– જ્ઞાનમાં વર્તે છે. તેનાથી વિરુધ્ધ કોઈ પણ રાગાદિ પરભાવને ધર્મીની પર્યાય પોતામાં ગ્રહણ કરતી નથી, તેને અંતર્મુખ પર્યાયથી બહારને બહાર જ રાખે છે. – આવા સ્વસંવેદનરૂપ ચૈતન્યતત્ત્વ હું છું – એમ ધર્મી અનુભવે છે. –આવું જ્ઞાનીનું આત્મચિંતન તેમાં બધા ધર્મો સમાય છે, આત્મગુણોની અનંત સમૃદ્ધિ તેમાં સમાય છે. તેથી ધર્મી એમ અનુભવે છે કે મારી શ્રદ્ધામાં આત્મા છે, મારા જ્ઞાનમાં આત્મા છે, મારા ચારિત્રમાં આત્મા છે, મારી સર્વ અંતર્મુખ પર્યાયોમાં મારો શુદ્ધ આત્મા જ સદાય પરિપૂર્ણ બિરાજે છે. અરે, સ્વભાવ તે કદી ઓછો થતો હશે? કેવળજ્ઞાનાદિ અનંત સ્વભાવોથી સદા પરિપૂર્ણ મારો સ્વભાવ છે. આવા સ્વભાવનું ગ્રહણ (અનુભવ, સ્વીકાર) જે પર્યાયમાં ન હોય તેમાં ધર્મ કેવો? ધર્મીને શ્રદ્ધા–જ્ઞાન–સંયમ–તપ વગેરે બધી નિર્મળ પર્યાયોમાં પોતાના પરમસ્વભાવની તન્મયતા વર્તે છે એટલે તેનું જ ગ્રહણ છે, ને બીજા બધા પરભાવોનો ત્યાગ છે. – ચોથા ગુણસ્થાને સમ્યગ્દર્શન થયું ત્યારથી આવી દશા હોય છે. આવા આત્માનું વેદન તેની બધી પર્યાયોમાં હોય છે. શું અગ્નિ પોતાના ઉષ્ણભાવને કદી છોડે? ના; તેમ ચૈતન્યસ્વરૂપ આત્મા પોતાના નિજસ્વભાવોને કદી છોડતો નથી, ને સ્વભાવમાં કદી કોઈ પરભાવને ગ્રહતો નથી, છૂટો ને છૂટો જ રહે છે.

## અહો, ચૈતન્યનું પરમ અમૃત ચાખ્યું –પછી સંસારમાં ચિત્ત કેમ ચોંટે?

(નિયમસાર કળશ ૧૩૦ – ૧૩૧)

ધર્મી એમ આત્મચિંતન કરે છે કે અહો! જ્યાં પરભાવોથી છૂટો પડીને અમારા ચૈતન્ય પરમ ભાવને અમે જાણ્યો, તેના અદ્‌ભુત–અચિંત્ય–પરમ સુખને વેદ્યું, ત્યાં અમારું ચિત્ત હવે નિરંતર તેમાં જ લાગ્યું છે; બીજે ક્યાંય અમારું ચિત્ત લાગતું નથી. અહો, આવા અદ્‌ભુત સુખસ્વરૂપને અનુભવ્યા પછી તેમાં એકમાં જ ચિત્ત લાગ્યું છે. –એમાં કાંઈ આશ્ચર્ય નથી. અમૃતનું ભોજન કરનારા દેવો બીજા કડવા–ગંધાતા ભોજનનો સ્વાદ કેમ લેશે? તેમ ચૈતન્યના મહા આનંદનો સ્વાદ ચાખ્યા પછી હવે જગતના કોઈ પદાર્થમાં અમારું ચિત્ત લાગતું નથી.

પરમ સ્વભાવની સન્મુખ થયેલા ધર્માત્મા પોતાના સ્વાનુભવથી જાણે છે કે મારો આત્મા અચિંત્ય ચૈતન્ય – ચિંતામણિ છે, તેનું ચિંતન કરીને જેટલું સુખ માંગુ તેટલું મળે છે. અરે, સુખ માંગવુંય ન પડે, મારો આત્મા પોતે સહજ સુખના

વેદનસ્વરૂપ છે, તે સુખમાં વિકલ્પનીયે અપેક્ષા ક્યાં છે? જગતના જડ ચિંતામણિ રત્ન પાસે તો વસ્તુ માંગવી પડે ત્યારે તે મળે; આ ચૈતન્યમણિ તો માગ્યા વગર (વિકલ્પ વગર) સ્વયમેવ પોતે જ અનંતસુખનિધાનપણે પરિણમે છે; બીજા કોઈ પદાર્થની અપેક્ષા તેને નથી. – આવા આત્મચિંતનમાં ધર્મીનું ચિત્ત ચોંટયું છે; દુનિયા ફરે તોપણ તે હવે ફરે તેમ નથી.

અહા, ચૈતન્યના આનંદનો અતીન્દ્રિયરસ ચાખ્યા પછી હવે દેવોના અમૃતમાં પણ અમારું ચિત્ત લાગતું નથી. આત્માનું સુખનિધાન અંદર દેખ્યું ત્યાં હવે બીજા કોઈ પદાર્થથી અમારે શું પ્રયોજન છે? અમારા ચૈતન્યમાં અમારી પરિણતિ પ્રવેશી ગઇ તેમાંથી છોડાવવા હવે કોઈ સમર્થ નથી. અંદર ચૈતન્યસુખમાં ઘૂસ્યા તે ઘૂસ્યા, હવે તેમાંથી બહાર આવવાના નથી ને પરભાવમાં – દુઃખમાં જવાના નથી. આનંદ સ્વભાવને ગ્રહ્યો છે, ને હવે સદાય આનંદરૂપે જ રહીશું.

સ્વર્ગના દેવોને અનાજ વગેરેનો આહાર હોતો નથી, તેઓ તો પોતાના કંઠમાંથી ઝરતા અમૃતનો જ આહાર લેનારા છે. અમૃતનો સ્વાદ લેનારા દેવોને અનાજનું પણ પ્રયોજન નથી તો પછી વિષ્ટા વગેરેની તો શી વાત? તેમ અતીન્દ્રિય આનંદના ચૈતન્યરસથી ભરેલો આ ચૈતન્યદેવ, તેનું જેને ભાન થયું અને સ્વસંવેદનમાં ચૈતન્યરસ ચાખ્યો, ત્યાં તે ચૈતન્યરસના મહાન વીતરાગી સ્વાદ પાસે જગતના પુણ્ય–પાપના કોઈ સ્વાદમાં એનું ચિત્ત લાગતું નથી. અહા, જ્ઞાનાત્મક સુખનો સ્વાદ લેનારો આ ચૈતન્યદેવ, તેને પુણ્યનો રસ પણ ચૈતન્યથી તદ્દન જુદો લાગે છે, ત્યાં પાપના રસની તો ક્યાં વાત? પુણ્ય–પાપ વગરનો અપૂર્વ ચૈતન્યરસ, તેનો સ્વાદ અજ્ઞાનીઓએ કદી ચાખ્યો નથી, તે ચૈતન્યસુખની કલ્પના પણ તેઓ કરી શકતા નથી. અહા, એકવાર ચૈતન્યસુખનો સ્વાદ જેણે ચાખ્યો તેને જગતના કોઈ પદાર્થોમાં કે શુભાશુભ ભાવોમાં રસ રહે નહિ, ચૈતન્યસુખ સિવાય બીજે ક્યાંય તેનું ચિત્ત ઠરે નહિ.... ચૈતન્યસુખથી બીજું કોઈ તેને લલચાવી શકે નહિ.

દેવોનું અમૃત તે તો જડ–પુદ્ગલનો રસ છે, તેમાં કાંઈ ચૈતન્યસુખ નથી; અને આ તો ચૈતન્યસુખનું અતીન્દ્રિય અમૃત, જેને ચાખ્યા પછી સંસારમાં જન્મ –મરણ ન રહે. ચૈતન્યના અમૃતરસ પાસે દેવોનું અમૃત પણ સાવ નીરસ છે. ચૈતન્યસુખના નીરાકુળ અમૃત પાસે પુણ્યના સુકૃત પણ આકુળતારૂપ હોવાથી દુઃખરૂપ લાગે છે; તેથી ધર્માત્મા–મુનિવરો તેને પણ છોડીને અદ્વિતીય ચૈતન્યસુખમાં લીન થાય છે.

અહા, આત્મામાંથી જ આનંદના અમૃતના ફૂવારા ફૂટે એનું નામ ધર્મ છે.

જેમ દેવોનું અમૃત પોતાના કંઠમાંથી જ ઝરે છે, બહારથી નથી આવતું, તેમ આ ચૈતન્યસુખરૂપ અતીન્દ્રિય અમૃત આત્માના પોતાના અસંખ્યપ્રદેશમાંથી જ ઝરે છે, તે ક્યાંય બહારમાંથી કે રાગમાંથી નથી આવતું.

ચૈતન્યસુખ કેવું છે?

દ્વંદ્વ રહિત છે; – જેમાં પોતાના ચૈતન્યતત્ત્વ સિવાય કોઈ બીજા સાથે જરાય સંબંધ નથી; વળી ઉપદ્રવ રહિત છે; ચૈતન્યસુખમાં કોઈ ઉપદ્રવ નથી, બહારમાં સિંહ ખાય કે શરીર બળે તોપણ ચૈતન્યસુખમાં કાંઈ વિઘ્ન થતું નથી. ચૈતન્યસુખમાં લીન પાંડવોને બહારમાં શરીર બળતું હોવા છતાં તેમના ચૈતન્યસુખમાં ભંગ ન પડયો, તેઓ તો ચૈતન્યસુખમાં લીનપણે કેવળજ્ઞાન પામ્યા. આવું ઉપદ્રવ વગરનું ચૈતન્યસુખ છે. વળી તે ઉપમા રહિત છે, જગતના કોઈ પદાર્થ વડે ચૈતન્યસુખને ઓળખાવી શકાતું નથી. ઇન્દ્રોની વિભૂતિ વડે પણ ચૈતન્યસુખના કોઇ અંશને સરખાવી શકાતો નથી. વળી આ સુખ નિત્ય છે, આત્માના સ્વભાવથી જ થયેલું હોવાથી તે નિત્ય છે, સંયોગના ફેરફારે તેમાં ફેરફાર થઈ જતો નથી કેમકે સંયોગના આધારે તે સુખ થયું નથી. પોતાના આત્માથી જ ઉત્પન્ન થયેલું છે, તેમાં કોઈ અન્ય દ્રવ્યની ભાવના નથી, બીજા કોઈનો આશ્રય ચૈતન્યસુખમાં નથી. ચૈતન્યના આશ્રયે ચૈતન્યની ભાવનાથી આત્મા પોતે પરમ સુખરૂપ થયો છે. – અહો, કેવું અદ્‌ભુત ચૈતન્યસુખ છે!

અહો, આવા ચૈતન્યસુખના અમૃત પાસે પુણ્યની શુભલાગણી પણ દુઃખરૂપ લાગે છે, તેથી તેને પણ છોડીને સંતો ચૈતન્યચિંતામણિમાં જ ઉપયોગને એકાગ્ર કરીને પરમાનંદને અનુભવે છે.

અહા, જૈન ગુરુઓના સમ્યક્ સેવન વડે અદ્‌ભુત ચૈતન્મહિમા જાણીને અતીન્દ્રિયસુખ અમે ચાખ્યું ત્યાં હવે કોઇ પણ પરદ્રવ્ય કે રાગનો કોઈ અંશ અમને અમારા સ્વરૂપપણે ભાસતો નથી. ચૈતન્યસુખથી ભરેલો આત્મા તે જ એક સ્વદ્રવ્યપણે અનુભવાય છે. આવો અનુભવ એ જ સાચી ગુરુસેવા છે, એ જ ગુરુઆજ્ઞા છે.

અહો, અપાર મહિમાવંત તારો ચૈતન્ય આત્મા છે તેમાં જા ને પરથી ખસી જા... એમ શ્રીગુરુ ફરમાવે છે. તે પ્રમાણે શ્રીગુરુની સેવાથી જેણે જાણી લીધું છે તે વિદ્વાન હવે રાગનો કે પરનો મહિમા કેમ કરે? ચૈતન્યના અપૂર્વ મહિમાને જે જાણે છે તે જ સાચો વિદ્વાન છે, ને તેણે જ ગુરુની આજ્ઞા પાળી છે. અહા, ચૈતન્યના શરણમાં જે શાંતિ આવે છે તે શાંતિ ક્યાંય કોઈ પરદ્રવ્યના શરણે આવતી નથી.

વીતરાગને સેવનારા વિદ્વાનો રાગને ભલો કેમ માને? સર્વે રાગને, શુભરાગને પણ દુઃખરૂપ જાણીને તેઓ તેને છોડે છે, ને ચૈતન્યના અદ્વિતીયસુખને અનુભવે છે. – આ જ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે, આ જ પ્રત્યાખ્યાન તથા સંવર છે, આ જ ધર્મ અને મોક્ષમાર્ગ છે, આ જ જૈન ગુરુઓની શિખામણ છે, ને આ જ જૈનશાસનનો સાર છે.

## 卐 મુનિરાજ કહે છે કે અમે કર્યું તેમ તું પણ શીઘ્ર કર 卐

જે મુક્તિસામ્રાજ્યનું મૂળ છે એવા આ નિરૂપમ સહજ પરમ આનંદમય ચૈતન્યસ્વરૂપને એકને જ ડાહ્યા પુરુષોએ સમ્યક્ પ્રકારે ગ્રહવું યોગ્ય છે; તેથી હે સખા, હે મિત્ર! મારા આ ઉપદેશના સારને સાંભળીને તું પણ આ ચૈતન્યચમત્કારમાં તારી મતિને શીઘ્ર જોડ.

મુનિરાજ કહે છે કે આત્માના માર્ગે અમે મોક્ષમાં જઈએ છીએ અને તને પણ તે માર્ગ બતાવીએ છીએ. માટે હે સખા! તું પણ અમારી સાથે જ મોક્ષના માર્ગમાં ચાલ. હે સખા! મોક્ષના માર્ગમાં અમારી સાથે આવવા માટે તું તુરત જ અમારી જેમ તારા ચૈતન્યચમત્કારને અનુભવમાં લે. જુઓ તો ખરા, મુનિરાજ કેવા વાત્સલ્યથી મોક્ષમાર્ગની પ્રેરણા કરે છે! મિત્ર કહીને સંબોધે છે કે હે મિત્ર! તું પણ અમારી સાથે જ મોક્ષમાં ચાલ. સારી વસ્તુ હોય ત્યારે પોતાના મિત્રને યાદ કરીને આપે છે, તેમ મુનિરાજ કહે છે કે હે મોક્ષના રસિક મિત્ર! ચૈતન્યનું આવું અદ્ભુત સુખ અમે ચાખ્યું છે, તે સુખને તું પણ હમણાં જ ચાખ..... અને અમારી સાથે મોક્ષના માર્ગમાં આવ.

*****

શરીરનું – કુટુંબનું શું થશે એવા વિકલ્પના કોલાહલને મુક એક કોર, ને ચૈતન્યસ્વભાવના મહિમાનું ઘોલન કર. અંતર્મુખ થવાનો પ્રયત્ન છ મહિના કર, ને બહિર્મુખની ચિંતા છોડ. તું બહારની ચિંતા કર તોપણ તેનું જે થવાનું તે થવાનું છે, ને તું ચિંતા ન કર તોપણ તેનું કાંઈ અટકી જવાનું નથી. માટે તું તેની ચિંતા છોડીને એકવાર તો સતતપણે તારા આત્માના પ્રયત્નમાં લાગ.... છ મહિના તો ચૈતન્યના ચિંતનમાં તારા ઉપયોગને જોડ. આવા ધારાવાહી પ્રયત્નથી જરૂર તને આનંદસહિત તારા અંતરમાં આત્માનો અનુભવ થશે.

# મોક્ષના કારણરૂપ શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર

## તેમાં શુદ્ધાત્માનો જ આશ્રય છે, કોઈ બીજાનો નહીં.

### ( સમયસાર ગાથા ૨૭૬–૨૭૭ ના પ્રવચનમાંથી )

આત્માને બંધનથી છૂટકારો ને મોક્ષનું સાધન કઈ રીતે થાય? તે કહે છે. આત્માનો જે શુદ્ધસ્વભાવ તેના આશ્રયે થતા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે જ મોક્ષનો ઉપાય છે. શાસ્ત્રના આલંબને થતું જ્ઞાન, નવતત્ત્વની શ્રદ્ધા કે છકાયજીવોની દયા એવો જે વ્યવહાર છે તેમાં પરનું અવલંબન છે, તેના આશ્રયે મોક્ષનું સાધન થતું નથી. તે વ્યવહાર શ્રદ્ધા–જ્ઞાન–આચરણના વિકલ્પો ન હો કે હો, તેના આશ્રયે કાંઈ મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ શુદ્ધાત્માના આશ્રયે જ છે.

જ્યાં જ્યાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર હોય ત્યાં ત્યાં શુદ્ધાત્માનો આશ્રય હોય જ છે, તેથી અભેદદ્રષ્ટિરૂપ નિશ્ચયમાં તો શુદ્ધઆત્મા પોતે દર્શન–જ્ઞાન–ચારિત્ર છે.

પણ, જ્યાં જ્યાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર હોય ત્યાં ત્યાં વ્યવહારશ્રદ્ધા વગેરેના વિકલ્પો હોય જ છે – એવો નિયમ સાબિત થતો નથી, કેમકે વ્યવહારના તે વિકલ્પો વગર પણ નિશ્ચય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર શુદ્ધાત્માના આશ્રયે વિદ્યમાન વર્તે છે. માટે નવતત્ત્વ વગેરે સંબંધી વિકલ્પો તે કાંઈ સમ્યક્ત્વાદિનો આધાર નથી.

ભાઈ, તારા સાચા સમ્યગ્દર્શન–જ્ઞાન–આનંદમાં તો તારા આત્માનો જ આશ્રય હોય કે બીજાનો હોય? મોક્ષના કારણરૂપ જે સાચા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે તે આત્માના આશ્રયે જ થાય છે, પરનો આશ્રય તેમાં ક્યાંય જરા પણ નથી. જરાક પણ પરના આશ્રયથી જે લાભ માને તેણે સાચા મોક્ષમાર્ગને જાણ્યો નથી.

* જૈનમાર્ગ – અનુસાર જીવાદિ નવતત્ત્વોના ભેદને જાણે પણ જો ભેદથી પાર શુદ્ધાત્માનો આશ્રય કરીને તેની શ્રદ્ધા ન કરે તો તે જીવને સમ્યક્ત્વ હોતું નથી.

– અને જો શુદ્ધાત્માની સન્મુખ થઈને તેની શ્રદ્ધા કરે તો, ત્યાં નવતત્ત્વના ભેદના વિકલ્પો હો કે ન હો – તોપણ સમ્યક્ત્વનો સદ્ભાવ જ છે. આ રીતે શુદ્ધાત્માના જ આશ્રયે સમ્યક્ત્વ હોવાનો નિયમ સિદ્ધ થયો. તેથી સમ્યક્ત્વ માટે મુમુક્ષુએ નિશ્ચયરૂપ

શુદ્ધાત્માના જ આશ્રય કરવા યોગ્ય છે, અને વ્યવહાર આશ્રય કરવા જેવો નથી.

*** હવે એ રીતે સમ્યગ્જ્ઞાનમાં:-** ભગવાને કહેલા આચારાંગાદિ શાસ્ત્રોનું પરસન્મુખી જ્ઞાન કરે, પણ જો શાસ્ત્રોના શબ્દોથી પાર શુદ્ધાત્માનો આશ્રય કરીને તેને ન જાણે તો તે જીવને સમ્યગ્જ્ઞાન હોતું નથી.

– અને, જો શુદ્ધાત્માની સ્વસન્મુખ થઈને તેનું જ્ઞાન કર્યું તો, ત્યાં શાસ્ત્રોના શબ્દોનું જ્ઞાન હો કે ન હો – તોપણ સમ્યગ્જ્ઞાનનો સદ્ભાવ જ છે. આ રીતે શુદ્ધાત્માના જ આશ્રયે સમ્યગ્જ્ઞાન હોવાનો નિયમ સિદ્ધ થયો. તેથી સમ્યગ્જ્ઞાન માટે મુમુક્ષુએ નિશ્ચયરૂપ શુદ્ધાત્મા જ આશ્રય કરવાયોગ્ય છે, અને વ્યવહારનો આશ્રય કરવા જેવો નથી.

*** એ જ રીતે સમ્યક્ચારિત્રમાં:-** જિનદેવે કહેલા છકાયજીવોની રક્ષારૂપ અહિંસા વગેરે પંચમહાવ્રતના શુભપરિણામ હોવા છતાં, તે શુભથી પાર એવા શુદ્ધાત્માનો આશ્રય કરીને તેમાં જો ન ઠરે તો તે જીવને સમ્યક્ચારિત્ર હોતું નથી.

અને, જે જીવ શુદ્ધાત્માની સન્મુખ થઈને તેમાં લીન થયો છે તેને છકાયજીવોની રક્ષા વગેરેના વિકલ્પો હો કે ન હો –તોપણ સમ્યક્ચારિત્રનો સદ્ભાવ જ છે. આ રીતે શુદ્ધાત્માના જ આશ્રયે સમ્યક્ચારિત્ર હોવાનો નિયમ સિદ્ધ થયો. તેથી સમ્યક્ચારિત્ર માટે પણ મુમુક્ષુએ નિશ્ચયરૂપ શુદ્ધાત્મા જ આશ્રય કરવા યોગ્ય છે, અને વ્યવહારનો આશ્રય છોડવા જેવો છે. –

વ્યવહારનય એ રીત જાણ નિષિદ્ધ નિશ્ચયનય થકી,
નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની. (૨૭૨)

અહો, સ્વાશ્રયરૂપ નિશ્ચય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનો નિયમ બતાવીને આચાર્યદેવે મોક્ષમાર્ગનું સ્વરૂપ સ્પષ્ટ સમજાવ્યું છે. સ્વાશ્રયે પ્રગટેલી સમ્યક્ત્વાદિ શુદ્ધપર્યાયોને આત્મામાં અભેદ કરીને તેને શુદ્ધ આત્મા જ કહ્યો. અને આત્માને ભૂલીને એકલા પરાશ્રયે જે પરસન્મુખી ભાવો થયા તેને પરમાં અભેદ કર્યાં, પરસન્મુખી ભાવમાં આત્મા તો ન આવ્યો. અરે, જેમાં આત્મા ન આવે, જેમાં આત્માની શાંતિનું વેદન ન આવે એને તે શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર કોણ કહે? – એને મોક્ષનું કારણ કોણ કહે? સમ્યગ્દર્શનમાં તો અપૂર્વ શાંતિના વેદનસહિત આખો આત્મા આવ્યો છે;

એ જ રીતે સમ્યગ્જ્ઞાનમાં સમ્યક્ચારિત્રમાં તેમજ તપ વગેરેમાં પરમ આનંદસહિત ભગવાન આત્મા બિરાજે છે. તેથી અભેદપણે એમ જ કહ્યું કે શુદ્ધ આત્મા જ દર્શન–જ્ઞાન–ચારિત્ર છે. દ્રવ્યના આશ્રયે સમ્યક્ત્વાદિ શુદ્ધપર્યાય થઈ –એવો ભેદ ન પાડતાં, આત્મા જ સમ્યક્ત્વ છે – એમ અભેદપણે કહ્યું છે; કેમકે સમ્યક્ત્વાદિ સર્વ પર્યાયોમાં શુદ્ધ આત્મા જ આશ્રયપણે છે, બીજું કોઈ નહીં. સ્વસન્મુખી પરિણામને સ્વમાં અભેદ કર્યાં; પરસન્મુખી વ્યવહારને પરમાં અભેદ કર્યો; –આમ સ્વાશ્રય અને પરાશ્રય ભાવોની ( શુદ્ધતાની અને રાગાદિની ) સ્પષ્ટ વહેંચણી કરી નાંખી.

અરે બાપુ ! તારી પર્યાયમાં તો તું પોતે હો કે બીજો ? તારા જ્ઞાનમાં તો તારા આત્માનો આશ્રય હોય, – કે શાસ્ત્રોના શબ્દોનો ? તારા દર્શનમાં તો તારો શુદ્ધઆત્મા હોય કે નવ તત્ત્વના વિકલ્પો ? તારા ચારિત્રમાં તારા આત્મામાં રમણતા હોય કે છકાય જીવોની દયાનો રાગ હોય ? રાગમાં–વિકલ્પોમાં–શબ્દોમાં ક્યાંય તારા દર્શન–જ્ઞાન–ચારિત્ર નથી, તારા શુદ્ધ આત્માના આશ્રયમાં જ તારા દર્શન–જ્ઞાન–ચારિત્ર છે.

* જ્યાં જ્યાં શુદ્ધાત્માનો આશ્રય છે ત્યાં ત્યાં જ્ઞાન–દર્શન–ચારિત્ર છે.

* શુદ્ધાત્માના આશ્રય વગર પરાશ્રિત વ્યવહારભાવો કરે તોપણ ત્યાં જ્ઞાન–દર્શન–ચારિત્ર હોતાં નથી.

માટે, શુદ્ધાત્માના આશ્રયે જ મોક્ષમાર્ગ હોવાનો અબાધિત નિયમ છે, તેથી મુમુક્ષુએ શુદ્ધાત્મારૂપ નિશ્ચય આશ્રય કરવા જેવો છે. અને પરના આશ્રયે મોક્ષમાર્ગ હોવાનો નિયમ ટકતો નથી, તેથી પરના આશ્રયરૂપ વ્યવહાર આદરવા જેવો નથી પણ છોડવા જેવો છે. આ રીતે નિશ્ચયનયવડે વ્યવહારનો નિષેધ જાણો. આવા શુદ્ધાત્માની સન્મુખતારૂપ નિશ્ચયનયના આશ્રયે મુનિ ભગવંતો નિર્વાણને પામે છે.

જૈનમાર્ગ – અનુસાર શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રનો જે વ્યવયહાર છે તેના આશ્રયે પણ મોક્ષમાર્ગ સધાતો નથી, તો પછી જેને જૈનમાર્ગના વ્યવહારની પણ ખબર નથી, વ્યવહાર પણ જેનો ખોટો છે એની તો વાત જ શી ? અરે, નિશ્ચયસહિતનો વ્યવહાર જેની પાસે છે તેને પણ, જેટલા પરાશ્રિત વ્યવહારભાવો છે તે કોઇ મોક્ષનું કારણ થતા નથી, શુદ્ધાત્માના આશ્રયરૂપ નિશ્ચય શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર છે તે જ મોક્ષનું કારણ થાય છે.

વ્યવહાર છે તેને લીધે નિશ્ચય થાય છે –એમ નથી; પણ તે વખતે શુદ્ધાત્માનો આશ્રય છે તેથી જ નિશ્ચય છે.

* નવતત્ત્વના વિકલ્પો છે માટે સમ્યગ્દર્શન છે – એમ નથી;
શુદ્ધઆત્માનો આશ્રય છે તેથી જ સમ્યગ્દર્શન છે.

* શાસ્ત્રોનું જાણપણું છે માટે સમ્યગ્જ્ઞાન છે – એમ નથી;
શુદ્ધઆત્માનો આશ્રય છે તેથી જ સમ્યગ્જ્ઞાન છે.

* છકાયજીવોની દયાનો શુભરાગ છે માટે ચારિત્ર છે – એમ નથી;
શુદ્ધાત્માનો આશ્રય છે તેથી જ સમ્યક્ચારિત્ર છે.

– આ રીતે નિશ્ચયથી શુદ્ધઆત્મા જ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે.

– આવા નિશ્ચય શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર હોય ત્યાં તેની સાથે કદાચ ભૂમિકાઅનુસાર નવતત્ત્વના વિકલ્પો, શાસ્ત્રનું જ્ઞાન, કે છકાયજીવોની દયાનો ભાવ–એવો વ્યવહાર હોય, તોપણ તેનું કર્તૃત્વ ધર્મીને નથી, ને તે વ્યવહારના આશ્રયે કાંઈ ધર્મીના શ્રદ્ધા–જ્ઞાન –ચારિત્ર ટક્યા નથી; તે વખતે અંદર તેનાથી પણ પાર જે શુદ્ધાત્માનો આશ્રય છે તે જ મોક્ષનું કારણ છે. –આમ જાણીને મુમુક્ષુઓએ શુદ્ધાત્માના આશ્રયનું સેવન કરવું ને વ્યવહારના આશ્રયની બુદ્ધિ છોડવી, – એમ ભગવાનનો ઉપદેશ છે.

## ધર્માત્માની દ્રષ્ટિ

શુદ્ધાત્માની દ્રવ્યદ્રષ્ટિ થતાં, પર્યાય અંતરમાં શુદ્ધસ્વભાવ સાથે અભેદ થઈ, ત્યાં તેમાં રાગાદિનું કર્તૃત્વ કેમ રહે ? માટે દ્રવ્યદ્રષ્ટિવંત ધર્માત્માને રાગાદિનું અકર્તાપણું જ છે, સમ્યક્ત્વાદિ નિર્મળભાવનું જ કર્તાપણું છે. શુદ્ધાત્મા હું – એવા વેદનમાં ‘રાગ તે હું’ એવું વેદન કેમ આવે ? શુદ્ધાત્મામાં જેની દ્રષ્ટિ નથી ને રાગમાં જ જેની દ્રષ્ટિ છે એવા અજ્ઞાનીને જ પરાશ્રિત ભાવમાં રાગાદિનું કર્તાપણું છે. જ્ઞાનીને શુદ્ધાત્માની દ્રષ્ટિમાં રાગાદિનું અકર્તાપણું જ છે. ધર્મીના ચૈતન્યઘટમાં તો પરમાત્મા વસ્યા છે, તેમાં રાગ રહી શકે નહીં.

# મોક્ષના કારણરૂપ ભેદજ્ઞાન
# તે ભેદજ્ઞાનમાં આનંદનો રસ ઝરે છે

( સમયસાર – મોક્ષઅધિકાર પ્રવચનોમાંથી )

જ્ઞાનને અને રાગને સર્વથા જુદાપણું છે. જ્ઞાનલક્ષણ દ્વારા, રાગાદિથી સર્વથા ભિન્ન શુદ્ધઆત્માને અનુભવવો, –તે જ મોક્ષનું સાધન છે.

*****

મોક્ષઅધિકારના મંગલાચરણમાં પ્રથમ તો કૃતકૃત્ય જ્ઞાનને વિજયવંત કહ્યું...તે જ્ઞાને આત્માને બંધનથી સર્વથા છૂટો પાડીને મુક્ત કર્યો છે, અને તે સહજ પરમ આનંદથી ભરેલું સરસ છે. જ્ઞાનનો વીતરાગી આનંદરસ એ જ સાચો રસ છે, બાકી રાગાદિ તો આકુળતાવાળા નીરસ છે. રાગાદિ બંધને અને જ્ઞાનરૂપ આત્માને જુદા પાડનારું આવું જ્ઞાન જ મોક્ષનું ખરું સાધન છે. બીજા કોઇ સાધનથી મોક્ષ પમાતો નથી. ભેદજ્ઞાનરૂપી પ્રજ્ઞાવડે જ્ઞાન અને રાગની ભિન્નતાનો વારંવાર અભ્યાસ કરી કરીને જ્ઞાન જ્યાં રાગથી ભિન્ન પડીને અંતર્મુખ સ્વભાવમાં વળ્યું ત્યાં શુદ્ધઆત્માની અનુભૂતિમાં રાગનું વેદન ન રહ્યું – એનું નામ ભેદજ્ઞાન છે, તે જ પ્રજ્ઞાછીણી છે, ને તે જ મોક્ષનું સાધન છે.

માત્ર બંધનના વિચાર કર્યા કરે, કર્મના અનેક પ્રકારોને જાણ્યા કરે, પણ જો જ્ઞાનને આત્માના સ્વભાવ તરફ વાળીને બંધથી છૂટો ન પડે – તો તે જીવને મોક્ષનો ઉપાય થતો નથી. શુભભાવથી બીજા વિકલ્પો છોડીને, કર્મબંધથી છૂટવાના વિચારમાં ચિત્તને રોકયા કરે ને તેનાથી મોક્ષ થઈ જશે એમ માને, તો કહે છે કે ભાઈ! બંધન વગરનો જ્ઞાનસ્વરૂપ તારો આત્મા કેવો છે તેને જાણ્યા વગર તારો બંધનથી છૂટકારો થાય નહીં. કર્મનો વિચાર કરી કરીને જ્ઞાનને તો તેં રાગમાં જ રોકી દીધું છે, એટલે શુભરાગને મોક્ષનું સાધન માનીને તારી બુદ્ધિ અંધ થઈ ગઈ છે; માત્ર બંધનના શુભ વિચારથી મુક્તિ થતી નથી, પણ બંધનને છેદવાથી મુક્તિ થાય છે.

બંધનનો છેદ કેમ થાય? કે જ્ઞાનને તેનાથી ભિન્ન જાણતાં તે છેદાઈ જાય છે – જુદા પડી જાય છે. નિરાકુળ ચૈતન્યસ્વાદરૂપ જ્ઞાન તો હું છું, ને રાગાદિ આકુળસ્વાદરૂપ બંધ તે હું નથી, બંનેનું સ્વરૂપ અત્યંત જુદું છે. –આ પ્રમાણે જ્ઞાનનો સ્વભાવ અને બંધનો સ્વભાવ બંનેને જુદા જુદા ઓળખીને ભેદજ્ઞાન કરતાંવેંત જ પ્રજ્ઞાછીણી એવી જોરદાર પડે છે કે જ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્મામાં પોતે તન્મય થાય છે, ને સર્વે બંધભાવોને ચેતનસ્વભાવથી બહાર અજ્ઞાનભાવમાં રાખે છે. રાગાદિભાવોને જ્ઞાનપણું નથી તેથી તેમને અજ્ઞાનમય કહ્યા. એકકોર જ્ઞાનમય આત્મા, અને જ્ઞાનમયભાવથી જુદા તે બધા અજ્ઞાનમયભાવો –તે આત્માથી તદ્દન જુદા; આવું ભેદજ્ઞાન કરીને બંધનથી જુદા ચૈતન્યસ્વભાવરૂપ આત્માને અનુભવવો તે જ મોક્ષનું કારણ છે. ભગવાને આવો મોક્ષનો માર્ગ કહ્યો છે. –

## આવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન.

આત્માનું સ્વલક્ષણ ચૈતન્ય છે. ગુણ – પર્યાયમાં વ્યાપનારા જેટલા ચૈતન્યભાવો છે તેટલો જ આત્મા છે. ચૈતન્યભાવ જેમાં નહિ તે આત્મા નહીં, રાગાદિભાવોમાં ચૈતન્યપણું નથી, તે તો ચૈતન્યથી ભિન્નપણે ચેત્ય છે. આત્મા ચેતક છે, તેનાથી ભિન્નપણે રાગાદિ ભાવો ચેત્ય છે. જ્ઞાનને અને રાગને ચેતક – ચેત્યપણું છે પણ તેમને એકપણું નથી, કર્તાકર્મપણું નથી. બંનેની જાત જ તદ્દન જુદી છે. જેમ ચેતન અને જડને એક જાતપણું નથી, તદ્દન જુદાપણું છે, તેમ જ્ઞાનને અને રાગને પણ એકસ્વભાવપણું નથી, બંનેના સ્વભાવ તદ્દન જુદા–જુદા છે. આવું જુદાપણું જાણીને જ્ઞાનપર્યાયે જ્ઞાનમાં તન્મય થઈને પોતાનો જ્ઞાનસ્વભાવપણે અનુભવ કર્યો, ને રાગથી તે છૂટી પડી – તે જ મોક્ષનું કારણ છે. અજ્ઞાનથી પર્યાયે રાગાદિમાં તન્મયપણું માન્યું હતું ત્યારે તે પર્યાય અંતરના સ્વભાવથી વિમુખ થઈને પરિણમતી, તે સંસાર હતો. અને જ્યાં રાગાદિથી ભિન્નતા જાણીને અંતરમાં જ્ઞાનસ્વભાવપણે આત્માને અનુભવમાં લીધો ત્યાં દ્રવ્ય – પર્યાય એકબીજાની સન્મુખ થયા, જ્ઞાનપર્યાય અંતરમાં એકાગ્ર થઈ ને પરિણમી, – ને રાગથી સર્વથા છૂટી પડી, તે મોક્ષનું કારણ છે, અથવા તે જ્ઞાનપર્યાયમાં બંધન નથી તેથી તે મુક્ત જ છે. ત્યાં જે રાગ ને બંધન છે તે કાંઈ જ્ઞાનપર્યાયમાં નથી, જ્ઞાનધારા તો તેનાથી છૂટેછૂટી મુક્ત જ છે. અહો, આવી જ્ઞાનધારા સહજ પરમઆનંદરસથી તરબોળ છે. એકવાર ભેદજ્ઞાન કરીને જ્ઞાનનો સ્વાદ તો ચાખ!

અરે, રાગમાં તો ચૈતન્યપણું જ નથી, તો તે મોક્ષનું સાધન કેમ થાય? રાગનો અનુભવ તે તો બંધનો અનુભવ છે, તેમાં મોક્ષનો સ્વાદ ક્યાંથી આવે? રાગથી ભિન્ન

એવો જે ચૈતન્યસ્વાદ છે, તે ચૈતન્યસ્વાદમાં મોક્ષનો સ્વાદ છે. આમ રાગ અને ચૈતન્ય બંનેના સ્વાદને સર્વથા જુદા જાણીને, ચૈતન્યસ્વાદપણે પોતાને અનુભવમાં લઈને જ્ઞાન એકાગ્ર થયું ત્યાં બંધભાવોથી તે છૂટું પડી ગયું, – આવું જ્ઞાન તે જ મોક્ષનું સાધન છે; બીજું કોઈ મોક્ષનું સાધન છે જ નહીં. સાધ્ય ને સાધન એક જાતના હોય, ભિન્ન જાતના ન હોય. જ્ઞાન અને રાગ તે કાંઈ એક જાતનાં નથી. તેથી રાગ તે ભેદજ્ઞાનનું કે મોક્ષનું સાધન થઈ શકે નહીં.

જ્ઞાનને અને રાગાદિને અત્યંત ભિન્નપણું છે. તેમને ચેતક અને ચેત્યપણું હોવા છતાં એકપણું નથી. 'આ રાગ છે' એમ તે રાગને જ્ઞાન ચેતે છે – જાણે છે, ત્યાં તે જ્ઞાન કાંઈ પોતાને રાગપણે પ્રસિદ્ધ નથી કરતું, પણ પોતાને રાગથી ભિન્ન ચેતકપણે તે પ્રસિદ્ધ કરે છે. રાગને જાણતાં જ્ઞાન કાંઈ રાગમાં ભળી જતું નથી. ચેતક આત્મા તેનું વ્યાપ્ય તો જ્ઞાનચેતના છે, રાગાદિભાવો કાંઇ ચેતકનું વ્યાપ્ય નથી. જ્ઞાનનો સ્વભાવ તો રાગ વગરનો છે. રાગ વગરનો આત્મલાભ થઈ શકે છે, એટલે રાગ વગરનો આત્મા અનુભવમાં આવી શકે છે, કેમકે રાગથી ભિન્ન ચેતનસ્વભાવી આત્મા ચૈતન્ય વગરનો કદી ન રહી શકે; જ્ઞાન વગરનો આત્મા અનુભવમાં આવી શકે નહીં. આ રીતે જ્ઞાનલક્ષણ દ્વારા સર્વપ્રકારે રાગ અને જ્ઞાનને અત્યંત જુદા અનુભવવા તે અરિહંતદેવનો આદેશ છે, તે જ ભવસમુદ્રના કિનારે આવવાની નૌકા છે.

અરે ભાઈ! તુ તો ચૈતન્ય છો; ચૈતન્યપણું તારા સર્વ ગુણ – પર્યાયોમાં વ્યાપે છે, તે જ તું છો. રાગ કાંઈ ચૈતન્યમાં વ્યાપતો નથી, તે ચૈતન્યથી ભિન્ન પરજ્ઞેયપણે જ્ઞાનમાં જણાય છે. જ્ઞેયપણે ભલે તે નીકટ હો, ક્ષેત્રે ભલે નીકટ હો, પણ ભાવથી તો તે રાગને જ્ઞાનથી તદ્દન જુદાપણું છે. માટે જ્ઞાન અને રાગને પ્રજ્ઞાછીણીવડે સર્વથા જ છેદવા. રાગના કોઈ અંશને જ્ઞાનમાં જરાય ન ભેળવવો. રાગથી ભિન્ન એકલા ચૈતન્યસ્વાદપણે આત્માને અનુભવવો, ને રાગાદિ સર્વે બંધભાવોને જુદા રાખવા, – આવું ભેદજ્ઞાન તે મોક્ષનું કારણ છે.

અહા, જ્ઞાન અને રાગની ભિન્નતા તો જુઓ! આચાર્યદેવ કહે છે કે જ્ઞાન અને રાગનું અત્યંત ભિન્નપણું અમે જાણ્યું છે, પ્રજ્ઞાછીણીવડે જ્ઞાન અને રાગને સર્વથા જુદા અમે અનુભવ્યા છે ( **बुध्येमहि** ), અમારા આવા અનુભવપૂર્વક તમને કહીએ છીએ કે પ્રજ્ઞાછીણીવડે જ્ઞાન અને રાગને સર્વથા જુદા જાણો. જ્ઞાન અને રાગને કાંઈ

એક સ્વભાવપણું નથી, બંને વચ્ચે સાંધ છે – તિરાડ છે – લક્ષણભેદ છે, તેને ઓળખીને પ્રજ્ઞાછીણીવડે જુદા કરી શકાય છે, એટલે અંતર્મુખ પ્રજ્ઞાવડે રાગથી જુદું જ્ઞાન અનુભવી શકાય છે. આવો અનુભવ તે જ બંધથી છૂટવાનો ને મોક્ષને પામવાનો ઉપાય છે.

અરે, ભેદજ્ઞાનની આવી વાત કાને પડવા છતાં, સાંભળીને જે અંદર યથાર્થ અનુભવનો પ્રયોગ નથી કરતો, તે તો બહેરો છે. અંદર જ્ઞાનમાં પ્રયોગ ન કર્યો તો સાંભળ્યું શું કામનું? બાપુ! તું તો ચૈતન્યદીવો છો. દીવો તો પ્રકાશસ્વરૂપ છે, તેના પ્રકાશમાં કોઈ મલિન વસ્તુ જણાય તોપણ દીવો કાંઈ મેલો નથી, દીવો તો પ્રકાશસ્વભાવી દીવો જ છે. તેમ ચૈતન્યદીવો આત્મા છે તે તો પ્રકાશસ્વરૂપ જ છે, તેના જ્ઞાનપ્રકાશમાં કોઈ રાગાદિ બંધભાવો જ્ઞેયપણે જણાય તેથી કાંઈ જ્ઞાન પોતે રાગાદિરૂપ મેલું થઈ જતું નથી, જ્ઞાનદીવો તો જ્ઞાનસ્વરૂપ જ છે. જ્ઞાનનો સ્વાદ તો રાગથી જુદી જાતનો ચૈતન્યમય છે. જ્ઞાનના આવા ભિન્નસ્વાદ વડે આત્માને રાગાદિથી અત્યંત જુદો અનુભવવો તેનું નામ ભગવતીપ્રજ્ઞા છે, તે જ મોક્ષનું સાધન છે.

રાગ જ્ઞાનમાં જ્ઞેયપણે જણાય છે, ત્યારે તે રાગને જાણનારું જ્ઞાન જ આત્માનું લક્ષણ છે, કાંઈ રાગ આત્માનું લક્ષણ નથી. રાગને અને જ્ઞાનને ચેત્ય–ચેતકપણું છે તે તો આત્માને જ્ઞાનસ્વભાવપણે જાહેર કરે છે કે આ જાણનાર સ્વભાવ છે તે આત્મા છે; – પણ તે કાંઇ એમ જાહેર નથી કરતું કે આ રાગ છે તે આત્માનો સ્વભાવ છે. રાગને તો તે જ્ઞાનથી ભિન્નપણે જાહેર કરે છે. જ્ઞાન અને રાગની આવી ભિન્નતા જાણવી તે ખરી તીક્ષ્ણબુદ્ધિ છે; બાકી તો બધા જાણપણા થોથાં છે. અરે, એકવાર તો પ્રજ્ઞાને અંતર્મુખ કરીને રાગથી જુદા જ્ઞાનનો સ્વાદ લે. તારું જ્ઞાન સર્વે બંધભાવોથી છૂટું તને અનુભવમાં આવશે.

રાગ વખતે જ્ઞાન તે રાગને જાણે, ત્યાં ધર્મીને એમ સંદેહ નથી કે મારું જ્ઞાન આ રાગરૂપ થઇ ગયું. ધર્મી તો નિઃસંદેહ પોતાને રાગથી જુદા જ્ઞાનપણે જ અનુભવે છે, એટલે રાગને પ્રકાશતાં પણ પોતાને જ્ઞાનપણે જ પ્રસિદ્ધ કરે છે, રાગપણે નહિ; જ્ઞાનમાં ને રાગમાં એકપણું જરાય પ્રતિભાસતું નથી, સર્વથા જુદાપણું જ ભાસે છે. આનું નામ ભેદજ્ઞાન; આ ધર્મ છે, ને આ જ મોક્ષનું સાધન છે.

આત્માના મોક્ષનું સાધન આત્માથી જુદું ન હોય, આત્માથી અભિન્ન જ હોય. પ્રજ્ઞાછીણી એટલે અંતર્મુખ થઈને આત્માને અનુભવનારું જ્ઞાન, તે જ આત્માને બંધથી

ભિન્ન કરવાનું સાધન છે; આ સિવાય બીજા કોઈપણ સાધનનો નિશ્ચયથી અભાવ છે, એટલે કે જ્ઞાનના અનુભવથી જુદું બીજું કોઈ મોક્ષનું સાધન છે જ નહીં.

પ્રજ્ઞાવડે આત્મા અને બંધ જુદા કેમ થઈ શકે? તો કહે છે કે તેમનો બંનેનો સ્વભાવ એક નથી પણ બંનેનો સ્વભાવ જુદો જ છે, તેથી ભિન્ન–ભિન્ન લક્ષણોવડે તેમને જુદા જાણીને જુદા કરી શકાય છે. – આમ અમે જાણીએ છીએ. સૂક્ષ્મ જ્ઞાનવડે, અંતર્મુખ સ્વસંવેદનજ્ઞાનવડે રાગથી જુદા જ્ઞાનસ્વાદપણે આત્મા અનુભવાય છે. આચાર્યદેવ કહે છે કે આવો અનુભવ અમે કર્યો છે; ભિન્નપણું થઇ શકે છે તે તને કહીએ છીએ. જ્ઞાન અને રાગ વચ્ચે મોટો લક્ષણભેદ છે, મોટી સાંધ છે, તેથી સૂક્ષ્મજ્ઞાનવડે તેમને જુદા જાણી શકાય છે. જ્ઞાન અને રાગને એકતા નથી પણ સ્વભાવથી ભિન્નતા છે, તેઓ બંને સાંધ વગરના નથી પણ તેમની વચ્ચે સાંધ છે – તીરાડ છે, તેથી તેમની ભિન્નતાનો અનુભવ સૂક્ષ્મ જ્ઞાનવડે થઈ શકે છે. અહો! આવું અંતરનું ભેદજ્ઞાન ભગવાન જિનેશ્વરદેવના માર્ગમાં જ છે. અંતરમાં આવું ભેદજ્ઞાન કરે ત્યારે તો હજી સમ્યગ્દર્શન થાય; –પછી મુનિપણું ને કેવળજ્ઞાન તે તો બહુ ઊંચી ચીજ છે. ભાઈ, એકવાર આવું ભેદજ્ઞાન કરીને તારા આત્માને જ્ઞાનલક્ષણવડે સર્વે બંધનથી જુદો જાણ... તો અલ્પકાળમાં બંધનથી તારો છૂટકારો થઈ જશે.

ચૈતન્યભાવ અને રાગાદિભાવ, એ બંનેના સ્વભાવને જુદા ઓળખતાં, જ્ઞાન અંતરમાં ચૈતન્યસ્વભાવ સાથે જ તન્મય થઈને પરિણમ્યું એટલે તે રાગથી સર્વથા જુદું પરિણમ્યું, – આનું નામ ભેદજ્ઞાન છે, ને આ જ બંધને છેદનારી સૂક્ષ્મ છીણી છે.

રાગાદિમાં વર્તતું અજ્ઞાન તે તો સ્થૂળ છે, બંધને છેદવાની તાકાત તેનામાં નથી. રાગથી જુદું ચૈતન્યમાં વર્તતું જ્ઞાન તે અત્યંત સૂક્ષ્મ છે, તે બંધનને આત્માથી સર્વથા જુદું કરી નાંખે છે; પોતે રાગાદિ બંધભાવોથી છૂટું પડીને આત્માના જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થાય છે. –આવી જ્ઞાનધારારૂપ ભગવતીપ્રજ્ઞા તે પોતે આનંદમય છે, અને તે જ મોક્ષનું સાધન છે.

# સમ્યગ્જ્ઞાન પરમ અમૃત છે

## તેનો મહિમા, અને તેની આરાધનાનો ઉપદેશ

卐 卐 卐 卐 卐

અહો, જગતમાં જીવને પરમ સુખનું કારણ સમ્યગ્જ્ઞાન છે, સમ્યગ્જ્ઞાન સમાન સુખનું કારણ બીજું કોઈ નથી; પુણ્ય કે પાપના ભાવ સુખનું કારણ નથી, બહારનો કોઈ વૈભવ સુખનું કારણ નથી; અંતરમાં ચૈતન્યનું જ્ઞાનપરિણમન જ જીવને સર્વત્ર સુખનું કારણ છે. જન્મ – જરા – મરણના રોગને નીવારવા માટે આ સમ્યગ્જ્ઞાન પરમ અમૃત છે. સમ્યગ્જ્ઞાનરૂપી અમૃત વડે જન્મ – મરણનો નાશ કરીને જીવ અમરપદને પામે છે. માટે આવા સમ્યગ્જ્ઞાનની તમે આરાધના કરો.

સમ્યગ્દર્શનસહિતનું જે સમ્યગ્જ્ઞાન છે તેના બે ભેદ છે –એક પરોક્ષ અને બીજું પ્રત્યક્ષ.

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ બન્ને ઇન્દ્રિયો તથા મન દ્વારા ઉપજે છે તેથી તે પરોક્ષ છે.

અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન એ બન્ને એકદેશ – પ્રત્યક્ષ છે, તેના વડે જીવ મર્યાદિત દ્રવ્ય–ક્ષેત્ર – કાળ – ભાવને, ઇન્દ્રિય – મનના અવલંબન વિના પ્રત્યક્ષ –સ્પષ્ટ જાણે છે.

કેવળજ્ઞાન સંપૂર્ણ પ્રત્યક્ષ છે; કેવળીભગવંત સમસ્ત દ્રવ્યના અનંતગુણોને તેમજ અનંતપર્યાયોને એક સાથે પ્રત્યક્ષ જાણે છે. જાણવામાં એને કોઇ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ –ભાવની મર્યાદા નથી. અહો, આ કેવળજ્ઞાનનો અદ્‌ભુત–અચિંત્ય મહિમા છે. એની ઓળખાણ કરતાં પણ જીવને જ્ઞાનસ્વભાવની પ્રતીત સહિત, અતીન્દ્રિય સુખના વેદનથી ભરેલું સમ્યગ્જ્ઞાન પ્રગટે છે, પ્રવચનસારમાં આચાર્યદેવે તેનો ઘણો મહિમા

વર્ણવ્યો છે અરે, કેવળજ્ઞાનના તો મહિમાની શી વાત! – ચોથા ગુણસ્થાનનું જે સમ્યગ્જ્ઞાન મતિ–શ્રુતરૂપ છે તેનો પણ અપૂર્વ મહિમા છે, તે પરમ આનંદમય અમૃત છે, તે મોક્ષને સાધનારું છે.

સમ્યગ્દ્રષ્ટિ જીવને સમ્યગ્દર્શન સાથે વર્તતા સમ્યગ્જ્ઞાનની આ વાત છે. પરને જાણનારા મતિ–શ્રુતજ્ઞાનમાં ઈન્દ્રિય –મનનું અવલંબન છે, પણ તે મતિ – શ્રુતજ્ઞાન જ્યારે આત્માની સન્મુખ થઈને નિર્વિકલ્પ સ્વસંવેદન કરે છે ત્યારે તેમાં મન કે ઈન્દ્રિયનું આલંબન રહેતું નથી, તેટલા અંશે સ્વસંવેદનમાં તે પણ પ્રત્યક્ષ છે. તત્ત્વાર્થસૂત્ર વગેરેમાં જ્યાં મતિ–શ્રુતજ્ઞાનને સામાન્યપણે પરોક્ષ કહ્યા છે તેમાં એટલું વિશેષ સમજવું કે નિર્વિકલ્પ અનુભવદશામાં તો તે જ્ઞાનો સ્વસંવેદન પ્રત્યક્ષ છે, અતીન્દ્રિય છે, મન–ઈન્દ્રિયના અવલંબન વગરના છે. આવું અતીન્દ્રિય આત્મજ્ઞાન ગૃહસ્થને પણ થાય છે. પણ જ્ઞાનમાં સ્વસન્મુખ થઈને નિર્વિકલ્પ – સ્વસંવેદનનો કાળ કયારેક જ હોય છે. તેથી તેની વાત મુખ્ય ન કરતાં સામાન્ય વર્ણનમાં મતિ–શ્રુતજ્ઞાનને પરોક્ષ કહેવામાં આવ્યા છે.

જ્ઞાતા–જ્ઞાન–જ્ઞેયના ભેદના વિકલ્પ રહિત થઈને જ્યારે આત્મા પોતે પોતાના સ્વરૂપને જ અનુભવે છે – જાણે છે ત્યારે તેને પ્રત્યક્ષ અતીન્દ્રિય જ્ઞાન છે. સમ્યગ્દર્શન થતી વખતે જ્ઞાનમાં આવું અતીન્દ્રિયપણું થયું ત્યારે તે સમ્યક્ થયું તે જ્ઞાન અતીન્દ્રિય આનંદના વેદનસહિત છે. એ સિવાયના કાળમાં મતિ–શ્રુતજ્ઞાન પરોક્ષ છે. જેમાં ઈન્દ્રિયોનું નિમિત્ત હોય તે જ્ઞાનથી તો ઈન્દ્રિયના વિષયભૂત રૂપી પદાર્થો જ જણાય. પણ કાંઈ અરૂપી આત્મા તેનાથી ન જણાય. ભગવાન ચૈતન્યસૂર્ય પોતે પોતાને પ્રકાશે તેમાં જડ ઈન્દ્રિયનું નિમિત્ત કેવું ? અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ આત્મવસ્તુ છે તે પ્રત્યક્ષ જ્ઞાતા છે. તે પોતે ઈન્દ્રિયજ્ઞાનવડે જાણતો નથી, તેમજ ઈન્દ્રિયજ્ઞાનવડે તે જાણવામાં આવે તેવો નથી, મનના અવલંબને પણ તે જણાય તેવો નથી. મનના અવલંબને તો સ્થૂળ પરવસ્તુ પરોક્ષ જણાય છે.

આંખ દ્વારા શરીરાદિનું રૂપ દેખાય, પણ આંખ દ્વારા કાંઈ આત્મા ન દેખાય. જ્ઞાન રાગાદિથી છૂટું પડી, અંતર્મુખ થઈને જ્યારે પોતે પોતાને પકડે છે ત્યારે શાંતિનું વેદન થાય છે. તે અતીન્દ્રિય શાંતિના વેદનકાળમાં સમ્યગ્દ્રષ્ટિ ગૃહસ્થને ચોથાગુણસ્થાને પણ જ્ઞાન અતીન્દ્રિય છે તેથી પ્રત્યક્ષ છે. સ્વ તરફ ઝુકેલું જ્ઞાન એકલા આત્મસાપેક્ષ હોવાથી પ્રત્યક્ષ છે, તેમાં બીજા કોઈનું અવલંબન નથી. –આવા અતીન્દ્રિય જ્ઞાન વડે જ મોક્ષમાર્ગ શરૂ થાય છે.

પ્રશ્નઃ– આપ કહો છો કે આત્માને દેખો. હવે આંખથી તો આત્મા દેખાય નહીં, ને આંખ મીંચીએ તો અંદર અંધારું–અંધારું લાગે; તો આત્માને જોવો કઈ રીતે ?

ઉત્તરઃ – ભાઈ, ઇન્દ્રિયજ્ઞાનવડે આત્મા ન દેખાય, અતીન્દ્રિય જ્ઞાનવડે જ આત્મા દેખાય. આંખ મીંચી ત્યારે પણ ‘આ અંધારું છે, ને અંધારું છે તે હું નથી’ – એમ કોણે જાણ્યું ? આત્માએ કે બીજા કોઈએ ? અંધારાને જાણનારો પોતે કાંઈ આંધળો નથી, એ તો જાગૃત ચૈતન્યસત્તા છે, ને તે જ આત્મા છે. પહેલાં ચૈતન્યવસ્તુ કેવી છે તે બરાબર લક્ષગત કરવી જોઈએ; પછી તેનો અત્યંત રસ અને અત્યંત મહિમા આવતાં, પરિણામ તેમાં એકાગ્ર થઇને, અનુભવમાં તેનો સાક્ષાત્કાર થાય છે, ‘આ અંધારું છે’ એમ અંધારાને દેખ્યું કોણે ? અંધારું પોતે પોતાને નથી દેખતું, પણ ચૈતન્યસત્તા દેખે છે કે આ અંધારું છે, ને હું તેને જાણનાર છું. અંધારાને જાણનારો ‘હું અંધારું છું’ એમ નથી જાણતો પણ ‘આ અંધારું છે’ એમ જાણે છે, એટલે કે અંધારાને જાણનારો અંધારાથી જુદો છે. બસ ! આ જાણનાર તત્ત્વ તે જ આત્મા છે, અને અંતર્મુખ મતિ–શ્રુતજ્ઞાન વડે આવા જ્ઞાનસ્વરૂપ આત્માને જાણી શકાય છે. બાકી આંખ વગેરેથી આત્મા જણાય નહીં. ભાઈ, જે ચૈતન્યસત્તામાં આ બધું જણાય છે તે તું જ છો. તેને અંદર વિચારમાં લે. અનાદિથી પોતે પોતાની ચૈતન્યસત્તાનો વિચાર કર્યો નથી. જાણનારો પોતે ‘હું જાણનાર છું’ એમ પોતાના અસ્તિત્વને જ ન માને –એ આશ્ચર્ય છે.

હે જીવ ! જ્ઞાન તે તારું સ્વ છે, અંધારું પર છે. અંધકાર અને પ્રકાશ એ બન્ને પર્યાયો પુદ્ગલની છે, તેને જાણનારું અરૂપી જ્ઞાન આત્માનું છે. આવા આત્માના નિર્ણય માટે અંદર ઉદ્યમ કરવો જોઈએ. બહારમાં પાંચ–પચાસ હજાર રૂપિયા મેળવવા માટે કેટલા પ્રેમથી મહેનત કરે છે ? ઘરબાર છોડીને, ખાવાપીવાની મુશ્કેલી વેઠીને પણ પૈસા કમાવા પરદેશ જાય છે ને દિનરાત મજૂરી કરે છે. તો આ સાદિઅનંત મહાન સુખ દેનારી પોતાની અદ્ભુત જ્ઞાનલક્ષ્મી કેવી છે ? તેને પ્રાપ્ત કરવા, તેનો અનુભવ કરવા, અંતરમાં કેટલા પેમથી ઉદ્યમ કરવો જોઇએ ? બાપુ ! તારી સાચી લક્ષ્મી તો આ સમ્યગ્જ્ઞાન છે કે જે પરમસુખ દેનાર છે; બાકી પૈસા વગેરે તો ધૂળ–રજકણ છે, તે કાંઇ તારી લક્ષ્મી નથી ને તેમાંથી તને કદી સુખ મળવાનું નથી.

જ્ઞાનનો સ્વભાવ પ્રત્યક્ષ એટલે એકલા આત્માથી જાણવાનો છે; જાણવામાં પરનું અવલંબન લ્યે એવો તેનો સ્વભાવ નથી. આંખથી નજરે દેખાય તે પ્રત્યક્ષ –એ વ્યાખ્યા

સાચી નથી. આંખ વગર એકલા આત્માથી સીધું જે જ્ઞાન થાય તે પ્રત્યક્ષ છે, ને આંખ વગેરે પરની અપેક્ષાસહિત જે જ્ઞાન થાય તે તો પરોક્ષ છે. પ્રત્યક્ષ જ્ઞાનમાં પરનું અવલંબન હોતું નથી. અરે, જાણવાનો સ્વભાવ પોતાનો, તેમાં વળી પરના આલંબનની પરાધીનતા કેવી? પરાલંબી પરોક્ષ–જ્ઞાનવડે આત્મા જણાય નહીં. ઇન્દ્રિયાતીત અને રાગથી પાર એવા સ્વાધીન અતીન્દ્રિય જ્ઞાનવડે આત્મા જણાય છે. સ્વાધીન કહો, અતીન્દ્રિય કહો કે પ્રત્યક્ષ કહો, તે જ્ઞાન સ્પષ્ટ છે, તેનો આરંભ ચોથા ગુણસ્થાનથી થઈ જાય છે, ચોથા ગુણસ્થાને સ્વાનુભૂતિમાં સમ્યક્ મતિ–શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ હોય છે, તેમાં ઇન્દ્રિય કે મન નિમિત્ત નથી. આવું સ્વાનુભવ પ્રત્યક્ષ અતીન્દ્રિય જ્ઞાન આઠ વર્ષની બાલિકાને પણ થાય છે. તે સમ્યગ્દ્રષ્ટિ બાલિકાને અંતરમાં ધ્યાનકાળે પોતાના જ્ઞાન–આનંદમય આત્માનું વેદન, રાગ અને ઇન્દ્રિયોની અપેક્ષા વગરનું છે; તે વખતના સમ્યગ્જ્ઞાનને અધ્યાત્મ શૈલીમાં પ્રત્યક્ષ કહેવાય છે. તે ધ્યાનમાં હોય ત્યારે સ્વાનુભવમાં પોતે પોતાના આત્માને તન્મય થઈને જાણે છે, ત્યારે બહારમાં બીજા બધાનું લક્ષ છૂટી જાય છે. આ રીતે જ્ઞાન પોતે પોતામાં એકાગ્ર થઈને અતીન્દ્રિયપણે આત્માને અનુભવે છે ત્યારે આત્મામાં અતીન્દ્રિય આનંદરસની ધારા ઉલ્લસે છે. સિંહ વગેરે પશુઓમાં પણ જે જીવ સમ્યગ્દ્રષ્ટિ હોય તે જીવને આવું પ્રત્યક્ષ જ્ઞાન પ્રગટયું હોય છે. તીર્થંકર પરમાત્માના સમવસરણમાં નાગ ને વાઘ હાથી ને હરણ સિંહ ને સસલાં વગેરે પશુઓ પણ આવે છે ને તેમાથી ઘણા જીવો આવા આત્માનું સ્વરૂપ ઓળખીને પ્રત્યક્ષ –અતીન્દ્રિય જ્ઞાનવડે તેનો અનુભવ કરે છે. મહાવીર ભગવાનના આત્માએ સિંહપર્યાયમાં આવો અનુભવ કર્યો હતો, ને પાર્શ્વનાથ ભગવાનના આત્માએ હાથીની પર્યાયમાં આવો અનુભવ કર્યો હતો. તે સિંહને તથા હાથીને પણ આવું પ્રત્યક્ષ –અતીન્દ્રિય જ્ઞાન હતું. અત્યારે પણ આ મધ્યલોકમાં અસંખ્ય પશુઓ આવા આત્મજ્ઞાન સહિત વર્તે છે.

અહા, સમ્યગ્જ્ઞાનની તાકાત તો જુઓ! ભાઈ, આવા જ્ઞાનસ્વરૂપ આત્મા તું પોતે છો. આ દેહ કે રાગ તે તું નથી; અંદર આનંદમય જ્ઞાનસ્વરૂપ આત્મા છે – તે તું છો. આવા આત્માનું જ્ઞાન કરવાનો આ અવસર છે. લંકાના મહારાજા રાવણનો મુખ્ય હાથી 'ત્રિલોકમંડન, ' , જેને રામચંદ્રજી પોતાની સાથે અયોધ્યા લાવ્યા હતા, તે હાથીને પણ આવું આત્મજ્ઞાન થયું હતું, તેમ જ પૂર્વ ભવનું જાતિસ્મરણ જ્ઞાન પણ થયુંહતું – એ પણ આત્મા છે ને! એનામાંય જ્ઞાનશક્તિ ભરેલી છે; તે પોતે સ્વસંવેદનવડે પ્રત્યક્ષ અનુભવમાં લઈને તેણે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન પ્રગટ કર્યું.

આ સમ્યગ્જ્ઞાનનું પ્રકરણ ચાલે છે. સમ્યક્ મતિ–શ્રુતજ્ઞાન સ્વસંવેદનકાળે પ્રત્યક્ષ છે ને બાકીનાં કાળમાં પરોક્ષ છે. અવધિ અને મનઃપર્યય જ્ઞાન એકદેશપ્રત્યક્ષ છે, તેઓ ઈન્દ્રિય કે મનના નિમિત્ત વગર, અમુક મર્યાદિત ક્ષેત્રમાં રહેલા અમુક જ પદાર્થોને તેના અમુક જ કાળને અને અમુક ભાવોને જ જાણે છે એટલે કે અધૂરા છે; જેટલું જાણે છે તેટલું તો પ્રત્યક્ષ જાણે છે, પણ અધૂરું જાણે છે તેથી તેને દેશપ્રત્યક્ષ કહેવાય છે. શ્રુતજ્ઞાનમાં તો બધા પદાર્થોને પરોક્ષ જાણવાની તાકાત છે–એમ કહ્યું છે. શ્રુતજ્ઞાનમાં ઘણી તાકાત છે, ને કેવળજ્ઞાન તો અદ્ભુત અચિંત્ય મહિમાવાળું સંપૂર્ણ પ્રત્યક્ષ જ્ઞાન છે. સમ્યક્ મતિ – શ્રુતજ્ઞાન બધા સમ્યગ્દૃષ્ટિ–સાધકજીવોને હોય છે; અવધિજ્ઞાન કોઈ કોઈ જીવોને હોય છે. તેમાં દેશઅવધિજ્ઞાન ચારેગતિમાં હોય છે; નરકમાં ને દેવમાં તો બધા સમ્યગ્દૃષ્ટિને હોય છે, ને તિર્યંચમાં તથા મનુષ્યમાં કોઈ કોઈ જીવોને હોય છે. વિશેષ અવધિજ્ઞાન (પરમ અવધિ અને સર્વઅવધિ) તો કોઈ ખાસ મુનિવરોને જ હોય છે; કુઅવધિરૂપ વિભંગજ્ઞાન તો દેવ–નારકીમાં બધા જીવોને હોય છે; ઘણા તિર્યંચો તેમજ મનુષ્યોને પણ વિભંગ જ્ઞાન હોય છે, ને તેના વડે અનેક દ્વીપ–સમુદ્ર વગેરેને જાણી શકે છે; પણ મોક્ષમાર્ગમાં તેની કોઈ કિંમત નથી; તે કાંઈ વીતરાગ વિજ્ઞાન નથી, તે તો અજ્ઞાન છે. સામાન્ય બળદ વગેરે અજ્ઞાની પ્રાણી પણ જ્ઞાનના કંઈક ઉઘાડ વડે સામાના મનની વાત જાણી લ્યે ત્યાં અજ્ઞાનીઓને આશ્ચર્ય ઊપજે છે, પણ અતીન્દ્રિય કેવળજ્ઞાનના અદ્ભુત અચિંત્ય સામર્થ્યની તેને ખબર નથી, અરે! સમ્યગ્દૃષ્ટિના સ્વસંવેદનમાં અતીન્દ્રિય મતિ–શ્રુતજ્ઞાનની કોઈ અપાર તાકાત છે તેની પણ તેને ખબર નથી. જ્ઞાન તો કોને કહેવાય? – કે જે રાગથી પાર થઈને આનંદરસમાં તરબોળ થયું છે – એવું જ્ઞાન તે જ જ્ઞાન છે, તે વીતરાગવિજ્ઞાન છે ને તે મોક્ષનું કારણ છે. મનઃપર્યયજ્ઞાન પણ કોઈ વિશિષ્ટ ઋદ્ધિધારી મુનિઓને જ હોય છે, ને તેમાંય વિપુલમતિ મનઃપર્યયજ્ઞાન તો ચરમશરીરી મુનિવરોને જ હોય છે. કેવળજ્ઞાનરૂપ મહા પ્રત્યક્ષ જ્ઞાન અરિહંત અને સિદ્ધભગવંતોને હોય છે. –આ રીતે પાંચ પ્રકારનું સમ્યગ્જ્ઞાન જાણીને તેની આરાધના કરો.

કેવળજ્ઞાન પ્રગટ કરીને જેઓ પરમાત્મા થયા તેઓ, પહેલાં અનાદિથી તો બહિરાત્મા હતા; તેમણે પહેલાંતો સમ્યગ્દર્શન કર્યું, તેની સાથે મતિ શ્રુતરૂપ સમ્યગ્જ્ઞાન થયું; એટલે બહિરાત્મપણું છોડીને તેઓ અંતરાત્મા થયા. પછી શુદ્ધોપયોગ વડે સ્વરૂપમાં લીન થઈને ચારિત્રરૂપ મુનિદશા સાધી. તેમાં કોઈને અવધિ–મનઃ પર્યયજ્ઞાન પ્રગટે છે ને કોઈને નથી પણ પ્રગટતા; – તેની સાથે મોક્ષમાર્ગનો સંબંધ નથી. પછી

શુદ્ધોપયોગ વડે સ્વરૂપમાં પૂર્ણ લીન થતાં વીતરાગતા અને કેવળજ્ઞાન થયું એટલે કે તેઓ અરિહંત પરમાત્મા થયા. તે પરમાત્મા દિવ્યશક્તિવાળા કેવળજ્ઞાન વડે ત્રણલોક–ત્રણકાળને એક સાથે પ્રત્યક્ષ જાણે છે. 'નમો અરિહંતાણં' કહેતા આવા કેવળજ્ઞાનની પ્રતીત સાથે આવવી જોઇએ, તો જ અરિહંતદેવને સાચા નમસ્કાર થાય. પંચપરમેષ્ઠીમાં અરિહંતભગવાન તથા સિદ્ધભગવાન કેવળજ્ઞાની છે. સીમંધરભગવાન વગેરે લાખો અરિહંતભગવંતો અત્યારે પણ આ મનુષ્યલોકમાં વિચરી રહ્યા છે. આવા કેવળજ્ઞાનની પ્રતીત આત્માના જ્ઞાનસ્વભાવની પ્રતીતપૂર્વક થાય છે. એવું કેવળજ્ઞાન કેમ થાય? – કે સર્વજ્ઞસ્વભાવી આત્માના સમ્યગ્દર્શન –જ્ઞાનપૂર્વક તેનો અનુભવ કરતાં કરતાં કેવળજ્ઞાન થાય છે, બીજા કોઈ ઉપાયથી કેવળજ્ઞાન થતું નથી. પહેલાં સમ્યગ્જ્ઞાન પણ શુભરાગથી નથી થતું પણ રાગ વગરના આત્માના અનુભવથી જ થાય છે; ને પછી કેવળજ્ઞાન પણ રાગરહિત આત્માના અનુભવમાં એકાગ્રતારૂપ શુદ્ધોપયોગવડે જ થાય છે. –આમ ઓળખે તો જ કેવળજ્ઞાનને ઓળખ્યું કહેવાય. રાગવડે જ્ઞાન થવાનું માને તેણે કેવળજ્ઞાનને કે એક્કેય જ્ઞાનને ઓળખ્યું નથી; તેણે તો જ્ઞાન અને રાગની ભેળસેળ કરીને કેવળજ્ઞાનને પણ રાગવાળું માન્યું; કેમકે રાગને કારણ માન્યું તો તેનું કાર્ય પણ રાગવાળું જ હોય. –પણ જ્ઞાન અને રાગની અત્યંત ભિન્નતા જાણીને જ્ઞાનસ્વભાવનો અનુભવ કરવો તે જ કેવળજ્ઞાનનું કારણ છે –એમ ધર્મી જીવો જાણે છે, ને તેઓ જ્ઞાન સાથે રાગની જરાપણ ભેળસેળ કરતા નથી; વીતરાગવિજ્ઞાનવડે તેઓ કેવળજ્ઞાનને અને મોક્ષસુખને સાધે છે.

ચૈતન્યની અગાધ તાકાતવાળું, અને સર્વથા રાગ વગરનું એવું કેવળજ્ઞાન છે, તે કેવળજ્ઞાનનો સ્વીકાર રાગવડે થઈ શકતો નથી પણ જ્ઞાનસ્વભાવની સન્મુખતાથી જ થાય છે. જ્ઞાનસ્વભાવની સન્મુખ થતાં રાગથી જુદો પડયો એટલે પોતામાં ભેદજ્ઞાન થઇને સમ્યગ્જ્ઞાન થયું, ત્યાં સર્વજ્ઞની પણ સાચી ઓળખાણ થઈ. તે જ્ઞાન સાથે રાગ વગરનું વીતરાગી સુખ પણ ભેગું જ છે. સમ્યક્મતિ–શ્રુતજ્ઞાન તે રાગથી ભિન્ન કેવળજ્ઞાનની જાતના જ છે, તેઓ કેવળજ્ઞાન સાથે કેલિ કરનારા છે.

આ પ્રમાણે સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ ઓળખીને તેનું સેવન કરો; કેમકે જગતમાં સમ્યગ્જ્ઞાન સિવાય બીજું કોઈ જીવને સુખનું કારણ નથી; સમ્યગ્જ્ઞાન જ જન્મ–મરણનાં દુઃખોને મટાડનારું ને મોક્ષસુખ દેનારું પરમ અમૃત છે.

# “સમકિત સાવન આયો”

**卐 જ્ઞાનરૂપી મેઘવર્ષા વરસી..... ને ભવદાવાનળ બુઝાઈ ગયો 卐**

સમ્યક્ત્વને શ્રાવણમાસની ઉપમા છે; શ્રાવણ માસમાં જેમ મેઘવર્ષા થાય છે ને સર્વત્ર શાંતિ પ્રસરે છે, તેમ સમ્યક્ત્વ થતાં આત્મામાં અપૂર્વ શાંતરસની મેઘવર્ષા થાય છે. છહઢાળામાં પં. દૌલતરામજી કહે છે કે સમ્યગ્જ્ઞાનરૂપી મેઘવર્ષા જ આ ભયાનક દુઃખ દાવાનળને બુઝાવવાનો ઉપાય છે –

“વિષય ચાહ–દવદાહ જગતજન–અરનિ દઝાવૈ;<br>
તાસ ઉપાય ન આન જ્ઞાન–ઘનઘાન બુઝાવે.”

અહો, જ્ઞાન અને રાગની ભિન્નતાના ભાવભાસન વડે જ્યાં સમ્યગ્જ્ઞાન થયું ત્યાં આત્મામાં ચૈતન્યના શાંતરસની એવી મેઘવર્ષા થઈ કે અનાદિના વિષય–કષાયની ભયંકર આગ ક્ષણમાત્રમાં ઠરી ગઈ. જ્ઞાન થતાં જ કષાયોથી આત્મા જુદો પડી ગયો ને ચૈતન્યના પરમ શાંતરસમાં મગ્ન થયો. પછી જે અલ્પ રાગાદિ રહ્યા તે તો જ્ઞાનથી જુદાપણે રહ્યા છે, એકપણે રહ્યા નથી. કષાયના કોઈ અંશને ધર્મીજીવ જ્ઞાનમાં ભેળવતા નથી... આવું અપૂર્વ જ્ઞાન તે પરમ મહિમાવંત છે – એમ મુનિનાથે કહ્યું છે.

સમ્યગ્જ્ઞાનવડે આત્માના અનુભવથી અંતરમાં જ્યાં શાંત ચૈતન્યરસની ધારા ઉલ્લસી, ત્યાં ધર્મી કહે છે કે –

અબ મેરે સમકિત – સાવન આયો....<br>
અનુભવ–દામિની ( વીજળી ) દમકન લાગી, સુરતિ ઘટા ઘન છાયો;<br>
સાધકભાવ – અંકૂર ઊઠે બહુ જિત–તિત હરષ છવાયો... અબ મેરે સમકિત.

અમારા આત્મામાં સમ્યક્ત્વરૂપી શ્રાવણમાસ આવતાં હવે મોહની ગ્રીષ્મઋતુનો ઊકળાટ શમી ગયો છે ને શાંતરસની ઘનઘોર ધારા અસંખ્યપ્રદેશમાં સર્વત્ર વરસી રહી છે; મોહની ધૂળ હવે ઊડતી નથી; સ્વાનુભવરૂપી વીજળીના ઝબકારા થાય છે, ને ધર્મના નવીન આનંદમય અંકૂરા ફૂટયા છે. – આમ ધર્મીને સમ્યગ્જ્ઞાનની મેઘવર્ષા

વરસે છે પરમ આનંદ થાય છે. જેને પોતામાં આવી સમ્યગ્જ્ઞાનધારા વરસતી નથી એવો અજ્ઞાની મોહના ઊકળાટમાં બળે છે, તેને તો દુષ્કાળ છે. જ્ઞાનની મેઘવૃષ્ટિ વગર એને શાંતિ ક્યાંથી થાય? માટે હે જીવ! તું સમ્યગ્જ્ઞાન કર.

અરે, તારે તારું હિત સાધવાનો આ અવસર છે, તો તેમાં વિકારથી જ્ઞાનને ભિન્ન કરવાનો અવસર શું તને નહિ મળે? જો વિકારથી જ્ઞાનને ભિન્ન કરવાનો પ્રયત્ન નહીં કર તો તને મોક્ષનો અવસર ક્યાંથી આવશે? સળગતા સુકા વનની જેમ રાગની ચાહમાં સળગતો આ સંસાર, તેનાથી છૂટવા માટે તારા ચૈતન્યગગનમાંથી તું સમ્યગ્જ્ઞાનના શાંત જળની મેઘધારા વરસાવ.

આત્માને સમજાય અને આત્માથી થઈ શકે – એવી વાત છે. એકકોર વીતરાગી શાંતરસનો દરિયો, બીજીકોર સંસારના રાગરૂપી દાવાનળ, – તે બંનેને ભિન્ન જાણનારૂં સમ્યગ્જ્ઞાન રાગના દાવાનળને બુઝાવી નાંખે છે, ને આત્માને શાંતિમાં ઠારે છે.

જેમ ઠંડો બરફ, અને ઉનો અગ્નિ, એ બંનેનો સ્પર્શ જુદી જાતનો છે, તેમ શાંતરસરૂપ જ્ઞાન, અને આકુળતારૂપ રાગ, એ બંનેનો સ્વાદ તદ્દન જુદી જાતનો છે, તે જ્ઞાનથી ઓળખાય છે, રાગથી ભિન્ન જ્ઞાનના અચિંત્ય સુખનો સ્વાદ જેણે ચાખ્યો છે એવા જ્ઞાની જાણે છે કે –જ્ઞાનથી ભિન્ન એવા જે શુભાશુભ ઇન્દ્રિયવિષયો તેમાં ક્યાંય મારા સુખનો છાંટોય નથી; તેમાં પરમાં સુખ માનવું તે મિથ્યાત્વ છે. જ્યાં સુખ ભર્યું છે એવા સ્વવિષયને ભૂલીને, પરવિષયોમાં સુખબુદ્ધિને લીધે મિથ્યાદ્રષ્ટિ જીવ વિષયકષાયની ભયંકર આગમાં નિરંતર બળી રહ્યો છે, – દુઃખી થઈ રહ્યો છે. તારા આત્માને દુઃખમાં બળતો બચાવવા માટે હે જીવ! તું શીઘ્રપણે વિષયોથી ભિન્ન એવા તારા ચૈતન્યઅમૃતના સમુદ્રને દેખ. એક વહાલો ભાઈ કે બહેન બળતી હોય, કે ઘર સળગતું હોય તો તેને બચાવવા બીજા બધા કામ પડતા મુકીને કેવી તાલાવેલી કરે છે! તો અહીં વહાલામાં વહાલો એવો પોતાનો આત્મા ભયંકર ભવદુઃખના અગ્નિમાં બળી રહ્યો છે તેને બચાવવા હે જીવ! તું શીઘ્ર તાલાવેલી કર... ને સમ્યગ્જ્ઞાન કર. સમ્યગ્જ્ઞાન થતાં આત્મામાં શાંતરસની અતીન્દ્રિય મેઘધારા વરસશે. આ સમ્યગ્જ્ઞાન જ ભયંકર સંસાર – દાવાનળથી બચવાનો એકમાત્ર ઉપાય છે. તેથી મુનિવરોએ સમ્યગ્જ્ઞાનને અત્યંત પ્રશંસ્યું છે.

અહા, જુઓ તો ખરા સમ્યગ્જ્ઞાનનો મહિમા! સમ્યગ્જ્ઞાન થયું ત્યાં આત્મામાં ધર્મનું ચોમાસું બેઠું.... ને શાંતિની અમીરસધારા વરસી. સમ્યગ્જ્ઞાન થતાં ચેતન્યમાં શાંતિના શીતળ ફૂવારા ઊછળે છે, તે શાંતિની ધારા વિષય–કષાયના અગ્નિને બુઝાવી દે છે. સમ્યગ્જ્ઞાન વિના બીજા કોઈ ઉપાયે જીવને વિષય–કષાય મટે નહિ ને સુખ–શાંતિ થાય નહીં. માટે હે જીવ! તું શીઘ્ર સમ્યગ્જ્ઞાનનું સેવન કર. ધર્મના અંકૂર ઊગાડવા માટે હવે આ ‘શ્રાવણ માસ આવ્યો છે. ’

## રાવણના રાજ્યમાં..... અને અત્યારે...!

પદ્મપુરાણમાં એક વાત આવે છેઃ લંકાનો રાજા રાવણ ત્રણખંડનો દિગ્વિજય કરવા નીકળ્યો ત્યારે મરૂત રાજાના બ્રાહ્મણો યજ્ઞમાં પશુવધ કરી રહ્યા હતા; નારદે તેમની સાથે ઝગડો કરીને તેમને પશુવધ કરતા રોકયા. તે બધાએ ભેગા થઈને નારદને માર્યા ને પકડયા. આ સમાચાર જાણીને રાવણને ઘણો ક્રોધ થયો કે અરે, આ શું? મારા રાજ્યમાં જીવઘાત કરે છે? – તેણે હિંસક જીવોને શિક્ષા કરી ને નારદને છોડાવીને તેની પ્રશંસા કરી. રાજાને પકડયો; ત્યારે તે રાજા નમસ્કાર કરીને કહેવા લાગ્યો કે હે લંકેશ! મને ક્ષમા કરો. અજ્ઞાનીઓના મિથ્યા ઉપદેશથી હું હિંસામાર્ગમાં પ્રવર્ત્યો હતો, તેમાંથી ઉદ્ધાર કરીને તમે મને અહિંસામય ધર્મમાં જોડયો છે.

– આ રીતે રાજા રાવણના વખતમાં પણ જાહેરમાં જીવહિંસા થઇ શકતી ન હતી... અને અત્યારે... સ્વરાજ્યમાં? .... રાજ્યની મદદથી લાખો પશુહિંસાના જાહેર કારખાના સ્થપાય છે! રે કાળ!

નરકમાં સિંહ – વાઘ – વીંછી – સર્પ હોય?

ના; ત્યાં એવા તિર્યંચજીવો હોતાં નથી; નરકમાં જે સિંહ વાઘ – વીંછી – સર્પ વગેરે દેખાય છે તે તો માયામયી છે એટલે કે તે નારકીઓએ અથવા પરમાધામી દેવોએ કરેલી વિક્રિયા છે. પંચેન્દ્રિયતિર્યંચો કે વિકલેન્દ્રિયજીવો ત્યાં હોતા નથી.

## ધર્માત્માની સંપદાઃ-

( પૃષ્ટ ૮ના લેખનો બીજો ભાગ )

– આમ કહે કે અમે જૈન, અમે વીતરાગદેવના ભક્ત; પણ જરાક અનુકૂળતા આવે ત્યાં લલચાઈ જાય ને હર્ષમાં એકાકાર થઈ જાય, તથા પ્રતિકૂળતા આવે ત્યાં અંદર મહા ખેદખિન્ન થઈને તે ખેદમાં એકાકાર થઈ જાય, હર્ષ–શોકથી જુદા જ્ઞાનને ભૂલી જાય; સંયોગ ફરતાં જાણે આત્મા જ ખોવાઈ ગયો! – એ તે કાંઈ વીતરાગના ભક્તને શોભે છે? જિનભગવાનનો ભક્ત ધર્મી તો ગમે તે સંયોગમાં, સંયોગથી ભિન્ન આત્માને ભૂલે નહીં, આત્માનું જ્ઞાન છોડીને તેને હર્ષ–શોક થાય નહીં; હર્ષ–શોકથી જ્ઞાન જુદું ને જુદું રહે એટલે શાંતિનું વેદન રહે. ઘણા કહે છે કે "અરેરે! અમને ક્યાંય શાંતિ નથી! ' –પણ બાપુ! તું પોતાને વીતરાગનો ભક્ત અને જિનેશ્વરનો પુત્ર કહેવડાવે અને તને શાંતિ કેમ નહીં? વિચાર તો ખરો! વીતરાગનો પુત્ર રાગના ફળમાં અટકે નહિ, એ તો બંનેનો જ્ઞાતા રહીને, પોતાના જ્ઞાનની અપૂર્વ શાંતિને અનુભવે. હર્ષ – શોકથી પાર આત્માના આનંદનો સ્વાદ તેણે ચાખ્યો છે.

'સમય બદલાય છે જ્યારે... બધું પલટાય છે ત્યારે! ' – જાણે સંયોગ પલટતાં આત્મા જ આખો પલટી ગયો! એમ અજ્ઞાની સંયોગને જ જોઈને હર્ષ–શોક કર્યાં કરે છે, પણ ભાઈ! સંયોગમાં તું ક્યાં છો? સંયોગ પલટતાં તું ક્યાં પલટી ગયો છો? તું તો જ્ઞાનરૂપ જ રહ્યો છો. સંયોગથી ભિન્ન જ્ઞાનસ્વરૂપને લક્ષમાં તો લે. તો તને સંયોગમાં હર્ષ–શોકની બુદ્ધિ છૂટી જશે, ને જ્ઞાનની ભાવનાથી અપૂર્વ શાંતિનું વેદન થતાં સંસારના જન્મ–મરણના ફંદા મટી જશે. માટે ભેદજ્ઞાન કરીને આવી જ્ઞાનભાવના નિરંતર કરવી – તે જ જગતમાં સાર છે. તે જ આત્માની સાચી સંપદા છે.



( ચક્રવર્તીના પુત્રો પ્રભુપાસે જઈને જિનદીક્ષા લેતાં કહે છે કે હે દેવ! આ ચક્રવર્તીની સંપદામાં સુખ નથી, અમારી ચૈતન્યસંપદામાં જ અમારું સુખ છે... એમ અમે આપના માર્ગથી જાણ્યું છે. તેને પૂર્ણ સાધવા માટે અમે જિનદીક્ષા લેવા માંગીએ છીએ.. )'

# વિવિધ સમાચાર:-

* સોનગઢમાં પૂ. ગુરુદેવ સુખ–શાંતિમાં બિરાજી રહ્યા છે. પ્રવચનમાં સવારે નિયમસાર (નિશ્ચય પ્રાયશ્ચિત અધિકાર) અને બપોરે સમયસાર (સર્વવિશુદ્ધ અધિકાર) વંચાય છે. પરમાગમ–મંદિરનું કામકાજ ચાલુ છે. આવતી સાલમાં એટલે કે બરાબર વીરનિર્વાણ સંવત ૨૫૦૦ માં, પરમાગમ–મંદિરનું ઉદ્ઘાટન કરવાનો વિચાર છે. તે ઉપરાંત પરમાગમ–મંદિરમાં ભગવાન મહાવીરપ્રભુની એક મોટી પ્રતિમા પણ બિરાજમાન કરવાનું નકકી કર્યું છે, એટલે પંચકલ્યાણક–પ્રતિષ્ઠાનો પણ ભવ્ય મહોત્સવ થશે. પ્રતિમાજી માટે જયપુર ઓર્ડર આપેલ છે. પ્રતિમાજીની નીચેના ભાગમાં જાણે વીરનાથની વાણીનો પ્રવાહ ઝીલીને કુંદકુંદાચાર્યદેવ સમયસારમાં ભરી રહ્યા છે – એવું દ્રશ્ય આરસમાં કોતરાશે. આ રીતે ત્રણ શિખરયુક્ત પરમાગમ મંદિર વીતરાગી દેવ–ગુરુ–શાસ્ત્રરૂપ રત્નત્રયથી શોભી ઊઠશે. એ શોભા નીહાળવા મુમુક્ષુઓ આતૂર છે.

* આ વખતે શ્રાવણમાસનો શિક્ષણવર્ગ ચાલવાનો નથી. પરંતુ ધાર્મિક પ્રવચનના આઠ દિવસો, તેમ જ દશલક્ષણી પર્વના દિવસો દરવર્ષની જેમ જ ઉજવાશે. સોનગઢમાં બાળકોની પાઠશાળા સુંદર નિયમિત ચાલે છે.

* હિંદી जैनतत्त्वमीमांसा બીજી આવૃત્તિ છપાવવાની છે. જેમને જોઇતી હોય તેઓએ પોતાનો ઓર્ડર અગાઉથી નોંધાવી દેવા સૂચના છે.

* જામનગરમાં સ્વાધ્યાય મંદિરનું શિલાન્યાસ અષાઢ સુદ બીજના દિવસે ત્યાંના પ્રમુખશ્રી ખેતશીભાઈ પોપટભાઈના શુભ હસ્તે થયું છે.

* વિદિશા (મધ્યપ્રદેશ) માં ગતમાસમાં પ્રશિક્ષણ શિબિરનું ભવ્ય આયોજન થયું હતું. તેમાં અનેક વિદ્વાન ભાઈઓ આવ્યા હતા, ને હજારો જિજ્ઞાસુઓએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો હતો. બાલશિક્ષણવર્ગમાં પણ ૫૦૦ જેટલા બાળકો ભણતા હતા. – આ ઉપરથી બાળકોને મૂળથી જ ધર્મસંસ્કાર કેટલા જરૂરી છે તેનો ખ્યાલ આવશે. બાળકોના ધર્મશિક્ષણ માટે હવે સૌરાષ્ટ્રે જાગવાની ખાસ જરૂર છે. વિદિશામાં ૨૦ દિવસ સુધી જાણે જ્ઞાનનો મેળો ભરાયો હતો. સેંકડો ધાર્મિકશિક્ષકો પણ તૈયાર થઈ રહ્યા છે; મધ્યપ્રદેશમાં ઠેરઠેર ધાર્મિક પાઠશાળાઓ ચાલુ થઈ રહી

છે, ને તેમાં ખૂબ પ્રોત્સાહન મળી રહ્યું છે. શ્રુતપંચમીના દિવસે ષટ્ખંડાગમની મહાન શ્રુતયાત્રા નીકળી હતી. અગાઉ ચાર વખત મહાન શિક્ષણશિબિરોનું આયોજન થઈ ગયું હતું, આ પાંચમી શિક્ષણશિબિર પણ ખૂબ પ્રભાવશાળી હતી. અને હવે પછીની શિક્ષણશિબિર ગુજરાતમાં આવતા વર્ષે કરવાનું ભાઈશ્રી બાબુભાઈએ જાહેર કર્યું છે. તેમજ મહારાષ્ટ્રમાં પણ શિક્ષણશિબિરનું આયોજન દીવાળીની રજાઓ વખતે કરવાનું આયોજન ભાઈશ્રી ધન્યકુમારજી બેલોકર કરી રહ્યા છે. શિક્ષણશિબિરો દ્વારા જે મહાન જ્ઞાનપ્રભાવના થઈ રહી છે – તેને માટે સૌએ પૂ. ગુરુદેવનો ઉપકાર માન્યો છે.


*****

# વૈરાગ્ય સમાચાર -

* દહેગામના ભાઈશ્રી ભીખાલાલ મગનલાલ તા. ૪–૭–૭૩ ના રોજ સોનગઢ (જીથરી–અમરગઢ મુકામે) સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લા કેટલાક વખતથી તેઓ સોનગઢ રહેતા. સ્વર્ગવાસના થોડા જ વખત પહેલાં પૂ. ગુરુદેવ તેમને દર્શન દેવા પધાર્યા હતા, ને શુદ્ધ–બુદ્ધ–ચૈતન્યઘનનું શ્રવણ કરાવ્યું હતું, તે તેમણે પ્રેમથી સાંભળ્યું હતું. પૂ. બેનશ્રી–બેન પણ દર્શન દેવા પધાર્યા હતા.
* વઢવાણના સરોજબેન અમૃતલાલ દોશી તા. ૧૪–૪–૭૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.
* જામનગરના સરોજબેન (તે અનિલકુમાર સી. પુનાતરના ધર્મપત્ની) તા. ૨૭–૬–૭૩ ના રોજ પચીસ વર્ષની વયે સ્વર્ગવાસ પામ્યા છે.
* વીંછીયાના રંભાબેન (તેઓ મુગટલાલ અમૃતલાલના માતુશ્રી, ઉ. વર્ષ ૬૫) તા. ૧૬–૬–૭૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગી દેવ–ગુરુ–ધર્મના શરણે આત્મહિત પામો.

# ❄ जय गीरनार ❄


ॐ
શ્રી નેમીનાથ ભગવાનનું ચારીત્ર ધામ કેવળજ્ઞાન ધામ સમશ્રેણીએ સિધ્ધાલય ધામના સ્મરણનું સ્થાન શ્રી ગીરનાર ધામનો જયવંતો.

ગીરનારધામ ઉપર બેઠાબેઠા પૂ. ગુરુદેવે, ભક્તિભીના હૃદયે નેમિનાથ ભગવાનના સ્મરણપૂર્વક લખેલા આ હસ્તાક્ષર છે.

## અરિહંતોનો મેળો.... ગીરનારનું ગૌરવ.... !

સૌરાષ્ટ્રનું પવિત્રધામ ગીરનાર... નેમિનાથ તીર્થંકરના ત્રણ કલ્યાણકથી પાવન થયું છે.... પ્રભુ અવારનવાર ગીરનાર પધારતા ને ધર્મોપદેશ દેતા... શ્રી કૃષ્ણ વગેરે પણ પ્રભુના દર્શન કરવા આવતા. –આ વાત તો ઘણા વાંચકો જાણતા હશે.... પરંતુ એ વખતે ગીરનાર ઉપર કેટલા અરિહંત ભગવંતોનો મેળો ભરાતો – એની ઘણાને ઓછી ખબર હશે. નેમિનાથપ્રભુ તો અરિહંતપદે બિરાજતા જ હતા, તેમની સાથે સમવસરણમાં બીજા પણ અરિહંતભગવંતો બિરાજતા હતા. – કેટલા ખબર છે? બેપાંચ કે પચીસ–પચાસ નહીં પણ એક હજાર ને પાંચસો કેવળી અરિહંત ભગવંતો ત્યાં બિરાજતા હતા. વાહ! ગીરનાર ઉપર દોઢ–દોઢહજાર અરિહંતો એક સાથે બિરાજતા હતા, એ વખતે એ દોઢ હજાર અરિહંતોના વીતરાગી મેળાથી ગીરનાર કેવો શોભતો હશે! આજે પણ ગીરનારને જોતાં એ મધુરા દૃશ્યોની સ્મૃતિ આહ્લાદ જગાડે છે. અહા, ધન્ય સૌરાષ્ટ્રની ધરણી કે જ્યાં એકસાથે દોઢ હજાર જિનેન્દ્રભગવંતો આકાશમાં વિચરતા હતા!

# * જ્ઞા... ન... ત... રં... ગ *

( તત્ત્વજ્ઞાન-તરંગિણીમાંથી અધ્યાય ૮ )

* તે મહાનુભાવને શુદ્ધચિદ્રૂપની પ્રાપ્તિ થાય છે કે જેની પ્રજ્ઞા હંસ જેવી, કતકફળ જેવી અથવા છીણી જેવી છે.
* જેમ તૃષાતુર પુરુષ શેવાળને દૂર કરીને સ્વચ્છ પાણી પીએ છે તેમ ઉત્તમ બુદ્ધિમાન મુમુક્ષુ જીવ ક્લેશના નાશને માટે વિકલ્પજાળરૂપ શેવાળને દૂર કરીને સ્વાત્મધ્યાનરૂપ સ્વચ્છ અમૃતનું પાન કરે છે.
* કદી ક્યાંય પણ સ્વાત્મધ્યાન સિવાય બીજું કોઇ સુખ નથી, આત્મધ્યાન સિવાય બીજો તપ નથી, આત્મધ્યાન સિવાય બીજો કોઈ મોક્ષમાર્ગ નથી.
* મોહથી ઘેરાયેલા કોઈ જીવો તો યશની પ્રાપ્તિથી કે ઇન્દ્રિયસુખથી, ઉત્તમ સ્ત્રીથી, પુત્રથી, સેવકથી, રાજ્યથી, અધિકારથી, ઉત્તમ વાહનથી, બળથી, મિત્રથી, પંડિતાઈથી કે રૂપ વગેરેથી સંતુષ્ટ થઈને પોતાનો જન્મ સફળ માને છે. પરંતુ હું તો, અત્યંત કઠિનતાથી પ્રાપ્ત જે આત્મા અને દેહનું ભેદવિજ્ઞાન, -તેના વડે જ મારા જન્મને સફળ માનું છું ને તેના વડે જ હું સંતુષ્ટ છું.
* દુર્ભેદ્ય એવો આ કર્મપર્વત, ચૈતન્યભૂમિમાં ત્યાંસુધી જ ટકી શકે છે કે જ્યાંસુધી તે કર્મપર્વતના મસ્તક પર આ ભેદજ્ઞાનરૂપી વજ્ર નથી પડતું. ભેદજ્ઞાનરૂપી વજ્ર પડતાં જ કર્મપર્વતના ચૂરેચૂરા થઈ જાય છે.
* આ જગત મધ્યે પ્રથમ તો ચૈતન્યસ્વરૂપની રુચિ કરાવનારાં કારણો મળવા દુર્લભ છે; ચૈતન્યસ્વરૂપનું પતિપાદન કરનારાં શાસ્ત્રોની પ્રાપ્તિ તેનાથી પણ દુર્લભ છે; તેનાથી પણ ચૈતન્યસ્વરૂપના ઉપદેશક ગુરુ મળવા મોંઘા છે; અને ભેદજ્ઞાનવડે ચૈતન્યસ્વરૂપનો અનુભવ તે તો ચિંતામણિરત્નની પ્રાપ્તિ સમાન દુર્લભ છે.

( અહા, આવા દુર્લભ ચૈતન્યરત્નને પામીને ધર્મી પોતાને કૃતકૃત્ય અનુભવે છે. )

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રતઃ ૩૨૫૦
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ ( સૌરાષ્ટ્ર ) : અષાઢ ( ૩૫૭ )